અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૭ | અંક : ૧૪૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### અદાણી ગ્રૂપ સામે અમેરિકામાં છેતરપિંડીનો કેસ

# સોલાર પ્રોજેક્ટ માટે ભારતમાં અધિકારીઓને બે હજાર કરોડની લાંચ

## અમેરિકાના પ્રોસિક્યુટર્સનો આરોપ છે કે અદાણી તથા તેમની કંપનીના અન્ય સીનિયર અધિકારીઓએ રિન્યુએબલ એનર્જી કંપનીને કોન્ટ્રાક્ટ આપવાના બદલામાં ભારતીય અધિકારીઓને પૈસા આપવાનો વાયદો પણ કરી દીધો હતો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

દેશના જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરુદ્ધ અમેરિકામાં કૌભાંડ અને લાંચ આપવાના સનસનીખેજ આરોપ લગાવાયા છે. અમેરિકામાં બુધવારે દાખલ એક કેસમાં તેમના વિરુદ્ધ પોતાની એક કંપનીને કોન્ટ્રાક્ટ અપાવવાના બદલામાં ભારતીય અધિકારીઓને ૨૫૦ મિલિયન ડૉલર (આશરે રૂ. ૨૦૦૦ કરોડથી વધુ)ની લાંચ આપવાની તૈયારી બતાવી હતી. અમેરિકાના પ્રોસિક્યુટર્સ (સરકારી વકીલ)નો આરોપ છે કે અદાણી તથા તેમની કંપનીના અન્ય સીનિયર અધિકારીઓએ રિન્યુએબલ એનર્જી કંપનીને કોન્ટ્રાક્ટ આપવાના બદલામાં ભારતીય અધિકારીઓને પૈસા આપવાનો વાયદો પણ કરી દીધો હતો. આ કોન્ટ્રાક્ટથી કંપનીને ૨૦ વર્ષમાં ૨ બિલિયન ડૉલરથી વધુનો નફો થવાની આશા હતી. ન્યૂયોર્કની ફેડરલ કોર્ટે ગૌતમ અદાણી જ નહીં સાત લોકો પર અબજો ડૉલરની છેતરપિંડી તથા લાંચનો આરોપ લગાવ્યો છે. ભારતીય અધિકારીઓને અબજો રૂપિયાની લાંચ આપવાનું ફંડ અદાણીએ અમેરિકામાંથી ભેગું કરવાનું નક્કી કર્યું હતું. આ માટે તેમણે અમેરિકા અને અન્ય વિદેશી રોકાણકારો તેમજ બેંકો સમક્ષ પણ અનેક હકીકતો છુપાવી હતી. આરોપીઓમાં અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના અધિકારી તથા ગૌતમ અદાણીના ભત્રીજા સાગર અદાણી અને વિનીત જૈનનું નામ પણ સામેલ છે. આ કેસમાં સિરિલ કેબનેસ, સૌરભ અગ્રવાલ, દિપક મલ્હોત્રા અને રૂપેશ અગ્રવાલને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

### અમેરિકામાં ગંભીર આરોપ

ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરુદ્ધ અમેરિકામાં કૌભાંડ અને લાંચ આપવાનો આરોપ લગાવવવામાં આવ્યો છે. ન્યૂયોર્કમાં બુધવારે દાખલ એક કેસમાં તેમના વિરુદ્ધ અમેરિકામાં પોતાની એક કંપનીને કોન્ટ્રાક્ટ અપાવવાના બદલામાં ૨૫ કરોડ ડોલર(આશરે ૨૦.૭૫ અબજ રૂપિયા)ની લાંચ આપવા તથા તેને છુપાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આટલું જ નહીં ગૌતમ અદાણી લાંચ આપવા માટે પોતે ભારત સરકારના અધિકારીને મળ્યા હોવાનો દાવો છે. આ કેસમાં ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી સહિત સાત લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે.

**લાંચ આપવા કઈ રીતે ખેલ ખેલાયો:**

- અમેરિકામાં લાગેલા આરોપ અનુસાર ગૌતમ અદાણીએ ભારત સરકારના અધિકારી સાથે લાંચ આપવાની યોજના માટે અનેક વાર મુલાકાત કરી. આટલું જ નહીં અધિકારી અને આરોપીઓ વચ્ચે લાંચ મામલે મેસેજથી વાતચીત પણ થઈ રહી હતી.
- સાગર અદાણીએ સરકારી અધિકારી સુધી હજારો કરોડની લાંચ સુરક્ષિત પહોંચી જાય તેની ઝીણવટભરી નજર રાખી, સમગ્ર ઘટના ટ્રેક કરવા માટે ફોનનો ઉપયોગ કર્યો
- કયા અધિકારીને કેટલા રૂપિયા મળશે તેની સમગ્ર વિગત તૈયાર કરવામાં આવી, વિનીત જૈને પોતાના ફોનમાં તેના ફોટોગ્રાફ્સ રાખ્યા
- કયા અધિકારીને કઈ રીતે નાણાં મળશે તેના માટે રૂપેશ અગ્રવાલે એક પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન તૈયાર કર્યું. પછી અન્ય આરોપીઓને પણ બતાવીને સમજાવ્યું.

**માર્કેટ ખૂલતાં જ અદાણી ગ્રૂપના શેર ધડામ, ૨૦ ટકા સુધી નુકસાન**

અમેરિકાની કોર્ટમાં રજૂ થયેલા આરોપના મુખ્ય અંશ

- વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ની વચ્ચે અદાણીએ ભારત સરકારનો સોલાર એનર્જી કોન્ટ્રાક્ટ મેળવવા અધિકારીઓને ૨૫ કરોડ ડોલર લાંચ આપવા તૈયાર થયા. પછી એક ભારતીય અધિકારી સાથે મુલાકાત કરી. સાગર અદાણી અને વિનીતે સ્કીમ માટે મીટિંગ રાખી.
- બાદમાં લાંચની રકમ ભેગી કરવા માટે અદાણીએ અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના કોન્ટ્રાક્ટના નામે અમેરિકાના રોકાણકારો પાસેથી ત્રણ બિલિયન ડોલરનું ફંડ ભેગું કર્યું.
- બાદમાં FBI અને યુએસ સિક્યુરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ કમિશનની તપાસ રોકવાના પણ પ્રયાસ કર્યા. સ્કીમથી જોડાયેલા ઈમેલ, મેસેજ અને એનાલિસિસ ડિલીટ કરી દેવામાં આવ્યા.
- આમ ટૂંકમાં સોલાર એનર્જીની એક યોજનામાં કોન્ટ્રાક્ટ મેળવવા માટે અદાણીએ ભારતના અધિકારીઓને અબજો રૂપિયાની લાંચ આપવાનો વાયદો કર્યો. બાદમાં અમેરિકામાં રોકાણકારોથી ખોટું બોલીને ફંડ ભેગું કર્યું.



### રોકાણકારોને ૫.૩૫ લાખ કરોડનું નુકસાન

# ગૌતમ અદાણી વિવાદથી શેરબજારમાં મોટો કડાકો

## સેન્સેક્સ ૭૭,૧૫૫.૭૯ પર બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૦.૭૨ ટકા ઘટીને ૨૩,૩૪૯.૯૦ પર બંધ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

ભારતીય શેરબજાર આજે ગુરુવારે ઘટાડા સાથે બંધ થયું છે. દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સામે લાગેલા ગંભીર આરોપે અને નબળા ગ્લોબલ સંકેતોએ માર્કેટના સેન્ટિમેન્ટને વધુ નબળું પાડ્યું હતું. સેન્સેક્સ ૪૨૨ પોઈન્ટ ઘટીને બંધ થયો, જ્યારે આજે નિફ્ટી તૂટીને ૨૩,૩૫૦ પર આવી ગયો હતો. જેના કારણે રોકાણકારોને આજે લગભગ ૫.૩૫ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આજે BSEનો મિડકેપ ઈન્ડેક્સ ૦.૩૭ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૬૭ ટકા ઘટીને બંધ થયો છે. આજના ટ્રેડિંગ દરમિયાન સૌથી વધુ ઘટાડો સર્વિસિસ, યુટિલિટી, ઓઈલ એન્ડ ગેસ અને પાવર સેક્ટર સાથે જોડાયેલી કંપનીઓના શેરમાં જોવા મળ્યો. બીજી બાજુ રિયલ્ટી અને આઈટી શેરોમાં આજે તેજી જોવા મળી હતી. ટ્રેડિંગના અંતે BSE સેન્સેક્સ ૪૨૨.૫૯ પોઈન્ટ્સ અથવા ૦.૫૪ ટકાના ઘટાડા સાથે ૭૭,૧૫૫.૭૯ પર બંધ થયો હતો. જ્યારે NSEનો ૫૦ શેરવાળો ઈન્ડેક્સ નિફ્ટી ૧૬૮.૬૦ પોઈન્ટ અથવા ૦.૭૨ ટકા ઘટીને ૨૩,૩૪૯.૯૦ પર બંધ થયો હતો. BSE પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન આજે ૨૧ નવેમ્બરે ઘટીને ૪૨૫.૩૧ લાખ કરોડ રૂપિયાએ પહોંચી ગયું, જે તેના અગાઉના ટ્રેડિંગ દિવસે એટલે કે મંગળવારે ૪૩૦.૬૬ લાખ કરોડ રૂપિયા હતું. આ રીતે BSEમાં લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં આજે લગભગ ૫.૩૫ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. બીજા શબ્દોમાં કહીએ તો રોકાણકારોની સંપત્તિમાં લગભગ ૫.૩૫ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. BSE સેન્સેક્સના ૩૦માંથી ૧૦ શેર આજે લીલા નિશાનમાં હતા. આમાં પાવર ગ્રીડના શેરમાં સૌથી વધુ ૩.૪૧ ટકાનો વધારો થયો હતો. આ પછી અલ્ટ્રાટેક સિમેન્ટ, એચસીએલ ટેક, ટાટા સ્ટીલ અને આઈસીઆઈસીઆઈ બેંકના શેર ૦.૫૨ ટકાથી ૧.૪૧ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા.

## અદાણી લાંચ કેસ : જે રાજ્યોમાં કોન્ટ્રાક્ટ થયો ત્યાં વિપક્ષની સરકાર

દિગ્ગજ ઉદ્યોગપતિ અને બિઝનેસ ટાઈકૂન ગૌતમ અદાણી ફરી એકવાર ચર્ચામાં છે. તેમના પર આરોપ છે કે તેમણે ભારતમાં સોલર એનર્જી પ્રોજેક્ટ્સનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને કરોડોની લાંચ ઓફર કરી. ત્યારબાદ અદાણી ગ્રુપે આ પ્રોજેક્ટ્સ માટે અમેરિકી રોકાણકારો પાસેથી ફંડ ભેગુ કર્યું. એવો પણ આરોપ છે કે અદાણી સમૂહે રોકાણકારોને લાંચ અને ભ્રષ્ટાચાર અંગે જાણકારી આપી નહીં. આ પ્રોજેક્ટ્સથી સમૂહને ૨૦ વર્ષોમાં લગભગ ઈ૨ બિલિયન નફો થવાનું અનુમાન હતું. અદાણી પર અમેરિકામાં ફ્રોડ અને લાંચના આરોપ સામે આવ્યા બાદ કોંગ્રેસે કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા જેના પર ભાજપના સાંસદ સંબિત પાત્રાએ જવાબ આપ્યા. ભાજપના સાંસદ સંબિત પાત્રાએ કહ્યું કે, "આજ સવારથી આપણે મીડિયામાં એકકંપની સંલગ્ન મુદ્દો જોઈ રહ્યા છીએ. તે કંપની વિરુદ્ધ અમેરિકામાં એક કેસ છે. આરોપ-પ્રત્યારોપ ચાલી રહ્યા છે. અમારું સ્પષ્ટપણે માનવું છે કે જ્યાં સુધી કંપની અને તેના વિરુદ્ધ કેસનો સવાલ છે, કંપની પોતે જ નિવેદન બહાર પાડીને પોતાનો બચાવ કરશે. કાનૂન પોતાનું કામ કરશે." ભારતીય જનતા પાર્ટીએ ગૌતમ અદાણી મુદ્દે રાહુલ ગાંધી તરફથી લગાવવામાં આવેલા આરોપો પર પોતાનો જવાબ આપ્યો. પાત્રાએ કહ્યું કે, ભારત અને દેશ માટે કામ કરતી સંસ્થાઓ પર હુમલો કરવો એ રાહુલ ગાંધીની સામાન્ય રણનીતિ છે. તેમણે રાફેલ મુદ્દો પણ આ રીતે ઉઠાવ્યો હતો. રાહુલ ભલે પ્રધાનમંત્રી મોદીની છબી ખરાબ કરવાની કોશિશ કરે પરંતુ તેમની વિશ્વસનીયતા એટલી વધુ છે કે હાલમાં જ વિદેશમાં તેમને સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરાયા છે. ભારતીય જનતા પાર્ટીએ કહ્યું કે અદાણી સમૂહ વિરુદ્ધ અમેરિકાના આરોપોમાં જે ચાર રાજ્યોનો ઉલ્લેખ કરાયો છે.

## અમારા વિરૂદ્ધ મૂકવામાં આવેલા તમામ આરોપો પાયાવિહોણા છે

અદાણી ગ્રૂપે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને યુએસ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા મૂકવામાં આવેલા લાંચ અને છેતરપિંડીના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. અદાણી ગ્રૂપની પેટા કંપની અદાણી ગ્રીન પર રૂ. ૨૬૫ મિલિયન ડોલરની વધુની લાંચ અને છેતરપિંડીના આરોપ અદાણી ગ્રૂપે ફગાવી દીધા છે. અદાણી ગ્રૂપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને જીઈઝ દ્વારા અદાણી ગ્રીનના ડિરેક્ટર્સ વિરૂદ્ધ મૂકાયેલા તમામ આરોપો પાયાવિહોણા છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે લખ્યું છે કે, તમામ આરોપો શંકાસ્પદ છે. આરોપીને ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે, જ્યાં સુધી તે દોષિત સાબિત ન થાય. હવે અમે કાયદાકીય ઉકેલોના વિકલ્પના માર્ગે આગળ વધીશું. અદાણી ગ્રૂપે હંમેશા તમામ કાયદા અને નીતિનિયમોનું પાલન કર્યું છે.' અદાણી ગ્રૂપે ખાતરી આપતા કહ્યું છે કે, 'અમે તમામ બિઝનેસ કામગીરીમાં પારદર્શકતા, નિયામકની જોગવાઈઓના પાલન પ્રત્યે હંમેશા પ્રતિબદ્ધ છીએ. અમે અમારા તમામ સ્ટેકહોલ્ડર્સ, ભાગીદારો અને કર્મચારીઓને ખાતરી આપીએ છીએ કે, અમે કાયદાનું પાલન કરતું ઓર્ગેનાઈઝેશન છીએ. અમે તમામ કાયદાને અનુસરીને જ કામગીરી કરીએ છીએ.' યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ તેમજ અમેરિકાના પ્રોસિક્યુટરે અદાણી ગ્રીનના બોર્ડ સભ્યો પર અમેરિકાના રોકાણકારો સાથે ૨૫૦ મિલિયન ડૉલરની છેતરપિંડીનો આરોપ મૂક્યો છે. અદાણી ગ્રૂપ પર આરોપ છે કે, તેઓ ૨૬૫ મિલિયન ડોલરનો બોન્ડ ઈશ્યૂ લાવીને ફંડ ભેગું કરવા માંગતા હતા. આ ફંડનો ઉપયોગ તેઓ કથિત રીતે ભારતના અધિકારીઓને લાંચ આપવા કરવાના હતા કારણ કે, અદાણી ગ્રીનને એક પ્રોજેક્ટ હાંસલ કરવો હતો. આ ફંડ ભેગું કરવામાં પણ અદાણી ગ્રૂપે નીતિનિયમોનું ઉલ્લંઘન કર્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

#### રાજસ્થાન હાઈકોર્ટે શિલ્પા શેટ્ટી વિરૂદ્ધ SC-ST કેસને ફગાવી દીધો

। (એજન્સી) જયપુર, તા. ૨૧ ।

રાજસ્થાન હાઈકોર્ટે અભિનેત્રી શિલ્પા શેટ્ટી સામેના ક્રિમિનલ કેસને રદ કર્યો છે. શિલ્પા શેટ્ટી વિરુદ્ધ SC-ST એક્ટ હેઠળ આ કેસ નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૭માં શેટ્ટી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આમાં તેના પર આરોપ છે કે તેણે ૨૦૧૩માં ટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં ભંગી શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ મુલાકાતમાં અભિનેતા સલમાન ખાન પણ હાજર હતો.

#### સલમાનખાન અને શાહરૂખની બ્લોકબસ્ટર ફિલ્મ રિ-રિલીઝ

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

આજકાલ બોલિવૂડ ફિલ્મોને ફરી રિલીઝ કરવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. લૈલા-મજનુ, રોકસ્ટાર, અજબ પ્રેમ કી ગજબ કહાની વગેરે જેવી ફિલ્મો ફરી રિલીઝ કર્યા બાદ હવે સલમાન ખાન અને શાહરૂખ ખાન સ્ટારર કરણ-અર્જુનને પણ ફરી રિલીઝ કરવામાં આવશે. હાલમાં જ ડાયરેક્ટર રાકેશ રોશનની આ ફિલ્મના રી-રિલીઝની જાહેરાત કરવામાં આવી છે.

### અમેરિકામાં આરોપ બાદ અદાણીનો મોટો નિર્ણય

# ૬૦૦ મિલિયન ડોલરનો બોન્ડ ઇશ્યૂ રદ કરવાની જાહેરાત

## અદાણી ગ્રૂપે બોન્ડની કિંમત નક્કી કર્યા બાદ થોડા જ કલાકોમાં તેને રદ કરવાની જાહેરાત કરી દીધી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

દેશના ધનિક બિઝનેસમેન ગૌતમ અદાણી પર અમેરિકાના સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) દ્વારા છેતરપિંડી અને લાંચના આરોપો મૂકાયા બાદ અદાણી ગ્રૂપે ૬૦૦ મિલિયન ડૉલર (અંદાજે રૂ. ૫૦૬૬ કરોડ)નો બૉન્ડ રદ કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકાના પ્રોસિક્યુટર દ્વારા આરોપો મૂકાતાં અદાણી ગ્રૂપે બૉન્ડની કિંમત નક્કી કર્યા બાદ થોડા જ કલાકોમાં તેને રદ કરવાની જાહેરાત કરી છે. આ સમગ્ર મામલે અદાણી ગ્રીને નિવેદન જાહેર કર્યું છે કે, અમેરિકાના પ્રોસિક્યુટર અને SEC દ્વારા અમારા બોર્ડના સભ્યો ગૌતમ અદાણી, સાગર અદાણી વિરુદ્ધ ન્યૂયોર્કની એક યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે આરોપોની નોટિસ મળી છે. યુએસ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસે અમારા બોર્ડના સભ્ય વિનીત જૈનને પણ તેમાં સામેલ કર્યા છે. આ ઘટનાને ધ્યાનમાં લેતાં કંપનીએ અદાણી ગ્રીનનો પ્રસ્તાવિત બૉન્ડ ઈશ્યૂ રદ કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકાના પ્રોસિક્યુટરની ફરિયાદમાં ગૌતમ અદાણીના અદાણી ગ્રૂપના આઠ અધિકારીઓ જેમાં ભત્રીજા સાગર અદાણી, અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના અધિકારીઓ અને એજ્યોર પાવર ગ્લોબલ લિ.ના કાર્યકારી સિરિલ કાબેનેસ વિરુદ્ધ આરોપો મૂકાયા છે. હિન્ડનબર્ગના આરોપોમાં ક્લિનચીટ મળ્યા બાદ અદાણી ગ્રૂપ પર લાંચનો આરોપ મૂકાતાં જ અદાણીના શેરોમાં ૨૫% સુધીનો કડાકો નોંધાયો હતો. અદાણી ગ્રૂપ પર અમેરિકાના રોકાણકારો સાથે ૨૫૦ મિલિયન ડૉલરની છેતરપિંડીના બાદ અદાણી ગ્રૂપના અમેરિકન કરન્સીમાં પણ મોટો કડાકો નોંધાયો છે. અદાણી ગ્રૂપ રૂ. ૬૦૦ મિલિયન બૉન્ડ લાવી રહ્યું હતું, તેની કિંમત પણ જાહેર કર્યા બાદ લાંચ અને છેતરપિંડીનો આરોપ મૂકાતાં તેને રદ કરવામાં આવ્યા હતા. અગાઉ હિન્ડનબર્ગે પણ અદાણી ગ્રૂપ પર છેતરપિંડી અને શેરમાં ગેરરીતિ કરી રહ્યા હોવાનો આરોપ મૂકતાં કંપનીને તેનો દેશનો સૌથી મોટો ઈશ્યૂ રદ કરવો પડ્યો હતો. સિંગાપોર સ્થિત એસજીએમસી કેપિટલ પ્રાઈવેટ લિમિટેડના ફંડ મેનેજર મોહિત મીરપુરીએ જણાવ્યું હતું કે, અદાણીએ હિન્ડનબર્ગ, વિપક્ષ દ્વારા મૂકવામાં આવેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા, પરંતુ આ નવા આરોપથી ગેરરીતિની આશંકા વધી છે.

# દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે AAPની પહેલી યાદી જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને ઉત્તેજના વધી ગઈ છે. આજે આમ આદમી પાર્ટીની PACની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં ચર્ચા બાદ પાર્ટીએ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. AAPની પ્રથમ યાદીમાં કુલ ૧૧ ઉમેદવારોના નામ છે. આમ આદમી પાર્ટીએ અન્ય પાર્ટીઓના ઘણા નેતાઓને પણ ટિકિટ આપી છે. હાલમાં જ ભાજપ છોડીને AAPમાં જોડાયેલા અનિલ ઝાનું નામ પણ છે.

૧૧ ઉમેદવારોના નામ બહાર આવ્યા

- બ્રહ્મા સિંહ તંવર છતરપુરથી ચૂંટણી લડશે
- અનિલ ઝા કિરારીથી AAPના ઉમેદવાર હશે
- દીપક સિંઘલા વિશ્વાસ નગરથી ચૂંટણી લડશે
- સરિતા સિંહ રોહતાસ નગરથી AAPના ઉમેદવાર હશે
- બીબી ત્યાગી લક્ષ્મી નગરથી AAPના ઉમેદવાર હશે
- રામ સિંહ નેતાજી બાદરપુરથી ઉમેદવાર હશે
- ઝુબેર ચૌધરી સીલમપુરથી AAPના ઉમેદવાર હશે
- વીર સિંહ ધીંગાન સીમાપુરીથી ચૂંટણી લડશે
- ગૌરવ શર્મા ઘોંડાથી ચૂંટણી લડશે
- મનોજ ત્યાગી કરવલ નગરથી AAPના ઉમેદવાર હશે
- સોમેશ શૌકીન મટિયાલાથી AAPના ઉમેદવાર હશે.

આમ આદમી પાર્ટીએ જે નેતાઓને ટિકિટ આપી છે તેમાં બ્રહ્મ સિંહ તંવર અને અનિલ ઝા તાજેતરમાં જ ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. બીબી ત્યાગી ૫ નવેમ્બરે ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ઝુબેર ચૌધરી થોડા સમય પહેલા કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. વીર સિંહ ધીંગાન પણ એક અઠવાડિયા પહેલા કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. સોમેશ શૌકીન પણ તાજેતરમાં કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

## મોદીજી ઇચ્છે તો પણ અદાણીની ધરપકડ નહીં થાય કારણ કે, ભાજપને તેમનું ફંડિંગ છે : રાહુલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

અમેરિકાના પ્રોસિક્યુટર અને SEC દ્વારા ગૌતમ અદાણી સહિત તેમની પેટા કંપની ગ્રીન એનર્જીના બોર્ડ સભ્યો વિરુદ્ધ ૨૫૦ મિલિયન ડૉલરની છેતરપિંડી અને લાંચના આરોપો પર કોંગ્રેસના અધ્યક્ષ અને વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ગૌતમ અદાણીની તાત્કાલિક ધોરણે ધરપકડ કરવા માંગ કરી છે. ગૌતમ અદાણીના રૂ. ૨૦૦૦ કરોડના કૌભાંડ અંગે રાહુલ ગાંધીએ કહ્યું છે કે, હવે તો અમેરિકાએ પણ અદાણી વિરુદ્ધ ભ્રષ્ટાચારના ગંભીર આરોપ લગાવ્યા છે. અદાણીએ ભ્રષ્ટાચાર કરીને મિલકતો ઊભી કરી છે. તેઓ ભાજપનું સમર્થન કરે છે અને આ બધું જ જગજાહેર છે. આમ છતાં, હિન્દુસ્તાનમાં અદાણી વિરુદ્ધ કોઈ કાર્યવાહી નહીં થાય કારણ કે, ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને સુરક્ષા પૂરી પાડી રહ્યા છે. ભાજપનું સંપૂર્ણ ફંડિંગ અદાણી કરતાં હોવાનો દાવો કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મોદીજી કહે છે કે, દેશમાં કોઈ ક્રાઈમ કરે તો જેલમાં ધકેલી દઈશું. હવે તો અમેરિકન એજન્સી કહે છે કે, અદાણીએ ગુનો કર્યો છે, લાંચ આપી છે, ભારતમાં પણ ભ્રષ્ટાચાર કર્યો છે, અદાણીએ ઊંચા ભાવે વીજળી આપી છે. તો પણ તેમને કશું થતું નથી અને વડાપ્રધાન ઈચ્છે તો પણ કંઈ કરી શકે એમ નથી કારણ કે, ભાજપનું સંપૂર્ણ ફંડિંગ અને ફંડિંગ સ્ટ્રક્ચર અદાણીના હાથમાં છે. અદાણીએ હિંદુસ્તાનને હાઈજેક કરી લીધું છે, હિંદુસ્તાન અદાણીની પકડમાં છે.' રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ આકરા પ્રહારો કરતાં કહ્યું છે કે, 'ગૌતમ અદાણીએ દેશની સંપત્તિનો ઉપયોગ કરી ભ્રષ્ટાચાર આચર્યો છે, પરંતુ તેમની વિરુદ્ધ કોઈ કાર્યવાહી નહીં થાય. શ્રીલંકા, બાંગ્લાદેશ, કેન્યામાં અદાણી વિરુદ્ધ તપાસ થઈ રહી છે, પરંતુ હિંદુસ્તાનમાં અદાણી વિરુદ્ધ કોઈ જ કાર્યવાહી નહીં થાય કારણ કે તેમની સાથે મોદીજી છે. દેશમાં યુવાનોને રોજગારી નથી મળતી, મોંઘવારી વધી રહી છે અને નાના લોકોને જેલ થઈ જાય છે.

## અજિત પવાર ૪૦,૦૦૦ મતોથી હારશે : ઉત્તમ જાનકરે

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો શનિવારે ૨૩ નવેમ્બરના રોજ રજૂ થશે. તે પહેલાં જ નેતાઓની જીત મુદ્દે વિવિધ રાજકારણીઓ દ્વારા ભવિષ્યવાણી કરવામાં આવી રહી છે. શરદ પવાર જૂથના નેતા ઉત્તમ જાનકરે બારામતી વિધાનસભા બેઠકમાંથી અજિત પવારની હારનો દાવો કર્યો છે. ઉત્તમ જાનકરે ગુરૂવારે નિવેદન આપ્યું હતું કે, અજિત પવાર માટે પોતાની બેઠક બચાવવી મુશ્કેલ બનશે. તેમને મળતો પ્રત્યેક વોટ ભાજપ અને દેવેન્દ્ર ફડણવીસના ખાતામાં જશે. બારામતી બેઠક પરથી યુગેન્દ્ર પવારની જીત નિશ્ચિત છે. આ બેઠક પરથી અજિત પવાર ૪૦ હજારથી વધુ મતોથી હારશે.

અજિત પવારની હાર ઉપરાંત જાનકરે દાવો કર્યો છે કે, મહા વિકાસ ઘાડીને રાજ્યમાં ૧૮૦થી ૨૦૦ બેઠકો જ મળી શકે છે. અને હવે તે નવી સરકાર બનાવશે. ભાજપ ધારાસભ્ય રામ સતપુતે પણ માલશિરત વિધાનસભા બેઠક પરથી હારશે.

## હવે હદ થઈ ગઈ, સુરતમાં નકલી મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ ઝડપાઈ

। (એજન્સી) સુરત, તા. ૨૧ ।

ખ્યાતિ હોસ્પિટલકાંડથી લાગેલા આઘાતના આંચકા હજુ શાંત થયા નથી ત્યાં હવે નકલી મેડિકલ ઈન્સ્ટિટ્યૂટનો વેપલો પકડાયો છે. મળતા અહેવાલ મુજબ સુરતમાં સાવ નાનકડી જગ્યામાં મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ ચાલતી હોવાના અહેવાલ મળી રહ્યા છે. સુરતમાં હવે તો બધું નકલી ચાલી રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. હોસ્પિટલ, ડોક્ટર બાદ હવે તો મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ પણ બોગસ ચાલતું હોવાનું સામે આવ્યું છે. સુરતના પુણા પાટિયા વિસ્તારમાં આવેલા લા-સીટાડોલ કોમર્શિયલ શોપિંગ કોમ્પલેક્ષની દુકાનની અંદર આખીને આખી નકલી મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ ચાલી રહી હતી. જીવનદીપ નામની બોગસ મેડિકલ ઈન્સ્ટિટ્યૂટમાં વિદ્યાર્થિનીઓને મેડિકલના વિવિધ કોર્સ ભણાવાતા હતા. બોગસ ઈન્સ્ટિટ્યૂટમાં વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતી હોવાનો વીડિયો પણ સામે આવ્યો છે.

સુરતના એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસ દ્વારા આ મામલે એક સ્ટિંગ ઓપરેશન પણ કરવામાં આવ્યું હતું. જેમાં એક શોપિંગ કોમ્પલેક્ષની નાની દુકાનમાં આખું ઈન્સ્ટિટ્યૂટ ચલાવવામાં આવતું હતું.

ત્રણ વિદ્યાર્થિનીઓ પણ આવી હતી અને મસમોટી ફી આપવા સાથે બેંગલોર પરીક્ષા આપવા લઈ જવામાં આવે છે. આ મામલે એનએસયુઆઈ દ્વારા તપાસ કરવામાં આવતા આ ઈન્સ્ટિટ્યૂટ બોગસ હોવાનું જાણવા મળ્યું હતું. આ ઈન્સ્ટિટ્યૂટમાં નર્સિંગના અભ્યાસના નામે ફી લેતા હોવાનું પણ સામે આવ્યું છે. કાયદા અને નિયમ વિરૂદ્ધ ઈન્સ્ટિટ્યૂટ ચાલી રહી હતી.

જીવનદીપ મેડિકલ ઈન્સ્ટિટ્યૂટમાં ૧૨ બાય ૨૦ના રૂમમાં નર્સિંગ કોર્સ, ડિપ્લોમા ઈન મેડિકલ, લેબ ટેકનોલોજી (DMLT), સીટી સ્કેન જેવા ટેકનિશિયન કોર્સ ચલાવવામાં આવી રહ્યા હતા. વિદ્યાર્થીઓમાંથી ફરિયાદો મળી હતી કે આ સંસ્થા દ્વારા ડોક્યુમેન્ટ લીધા પછી પરત આપવામાં આવ્યા નથી અને એક વિદ્યાર્થીઓ દીઠ ૮૦ હજાર રૂપિયા જેટલી ફી લેવામાં આવી રહી છે. યુથ કોંગ્રેસના આગેવાનોને આ અંગેની ફરિયાદ મળતા સ્થળ પર પંહોચીને તપાસ કરી હતી.

### મુખ્યમંત્રીએ 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મને ગુજરાતમાં કરમુક્ત જાહેર કરી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ નિહાળીને પ્રશંસા કરી

। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં સિટી ગોલ્ડ સિનેમા ખાતે 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ નિહાળી હતી. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પણ ફિલ્મ નિહાળી હતી. ફિલ્મ નિહાળ્યા બાદ મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ફિલ્મની પ્રશંસા કરી હતી અને ફિલ્મ નિર્માતા અને સ્ટારકાસ્ટને બિરદાવ્યા હતા. ફિલ્મ જોયા પછી ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ધ સાબરમતી રિપોર્ટ'ને ગુજરાતમાં ટેક્સફ્રી જાહેર કરી છે.




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફિલ્મ નિર્માતા સુશ્રી એકતા કપૂર, પીઢ અભિનેતા જિતેન્દ્ર અને રિદ્ધિ ડોગરા સાથે આ ફિલ્મને નિહાળી હતી. આ અવસરે અમદાવાદનાં મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈન, પૂર્વ મંત્રી શ્રી ગોરધન ઝડફિયા, અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, પશ્ચિમના સાંસદ શ્રી દિનેશ મકવાણા, ધારાસભ્યશ્રી સર્વેશ્રી અમિત શાહ, દિનેશ કુશવાહા, શ્રી જિતેન્દ્ર પટેલ, રાજકીય અગ્રણી શ્રી રત્નાકર જી, એએમસીના પદાધિકારીઓ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દેશભરમાં 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ ૧૫ નવેમ્બરે રિલીઝ થઈ હતી. આ ફિલ્મને નિહાળ્યા બાદ અત્યાર સુધીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી ડૉ. મોહન યાદવ સહિત ઘણા મહાનુભાવોએ આ ફિલ્મની પ્રશંસા કરી ચૂક્યા છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આ ફિલ્મને કરમુક્ત પણ જાહેર કરવામાં આવી છે.

## પ્રવર્તમાન શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ આપી સુચના

। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

પ્રવર્તમાન શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા ખાનગી શાળાના સંચાલકો શાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા બાળકો પર દબાણ કરી શકશે નહિ તેવી ચીમકી રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ આપી હતી. રાજ્ય શિક્ષણમંત્રી શ્રી પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર હરહંમેશ વાલીઓ અને બાળકોની સાથે રહી છે. રાજ્યમાં ઠંડીના કારણે કોઈ પણ બાળકનું મૃત્યુ ન થાય તે માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું (ઠંડી ન રોકી શકે તેવું) સ્વેટર પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહિ, જો કોઈ શાળાના સંચાલક એમની શાળાના નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે. ખાનગી શાળાના સંચાલકોને



વિનંતી સાથે મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ શાળા બાળકોને તેમના દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરવા મજબુર કરી શકશે નહિ, તેમજ મંત્રી શ્રીએ વાલીઓને અપીલ કરી કે, કોઈ પણ બાળકને, તેના માતા પિતા ઠંડી માટે તેમના જોડે ઉપલબ્ધ ઠંડી રક્ષણાત્મક સ્વેટર, ટોપી, હાથના મોજા પહેરાવી શકશે અને કોઈ પણ ખાનગી શાળા અને અન્ય શાળા તેમાં કોઈ પણ રોક ટોક કરી શકશે નહિ જો કોઈ શાળા તેમનાં દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરાવવાનો આગ્રહ કરશે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર તે શાળા પર કડક કાર્યવાહી કરશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

### સરકારની અનોખી પહેલ

## ગ્રામીણ સ્તરે નાગરિકોને ઘર આંગણે વિવિધ ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ કરાશે

### કેન્દ્ર સરકાર દ્વારા પેક્સને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે કોર બેક્કિંગથી જોડવા પેક્સ કોમ્પ્યુટરાઇઝેશન યોજના અમલમાં મુકવામાં આવી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

દેશભરમાં તારીખ ૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન 'રાષ્ટ્રીય સહકાર સપ્તાહ' ઉજવાઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં કાર્યરત સહકારી મંડળીઓએ ખેડૂતો અને મંડળીના સભાસદોને આર્થિક રીતે ખૂબ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ગ્રામીણ વિકાસ અંતર્ગત ઈ-સેવાઓ વધુ સારી રીતે મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા પેક્સને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે કોર બેક્કિંગથી જોડવા પેક્સ કોમ્પ્યુટરાઈઝેશન યોજના અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યમાં ૫,૭૫૪ પેક્સને કમ્પ્યુટર હાર્ડવેર પુરા પાડવામાં આવ્યા છે તથા તેના સોફ્ટવેરની કામગીરી પ્રગતિમાં છે. આ કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી પૂર્ણ થશે ત્યારે તમામ પેક્સના હિસાબો ઓનલાઈન ઉપલબ્ધ થશે. આ ઉપરાંત કોમન સર્વિસ સેન્ટર-CSCsની કામગીરી ''પ્રાઈમરી એગ્રિકલ્ચર ક્રેડિટ સોસાયટીઝ'' એટલે કે PACS-પેક્સ મારફતે થાય તેને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગ્રામીણ સ્તરે પેક્સ અંતર્ગત CSC કેન્દ્ર માટે ભારત સરકારની પહેલ થકી નાગરિકો તેમના રેશન કાર્ડ, નવું ડ્રાઈવિંગ લાઈસન્સ અને જૂનું લાયસન્સ રિન્યૂ કરવા, આધારકાર્ડમાં સુધારા-વધારા, જન્મનું પ્રમાણપત્ર જેવી વિવિધ સરકારી યોજનાઓ માટે અરજી કરી શકે છે. વિવિધ સ્થળોએ રોજગાર માટે ઓનલાઈન અરજી, વિવિધ પ્રકારના બિલ/ટેક્ષ બિલ/લાઈટ બિલ, મોબાઈલ બિલ વગેરે સ્થાનિક સ્તરે સેવાઓ મળવાથી ગ્રામીણ વિસ્તારના નાગરિકોના સમયનો બચાવ થઈ રહ્યો છે.

આ તમામ પ્રકારની ડિજિટલ સેવાઓ દેશના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવામાં મહત્વનું યોગદાન આપી રહી છે. આ યોજના હેઠળ રાજ્યમાં ૩,૨૭૭ પેક્સ ઓનબોર્ડ થયા છે, જેમાંથી ૧,૯૧૬ પેક્સ હાલમાં કાર્યરત છે. પેક્સ માટે પેટ્રોલ અને ડીઝલના વિતરણ તરીકેની પાત્રતાના માપદંડો સુધારવામાં આવ્યા છે. જે અંતર્ગત પેક્સનો સમાવેશ CC2 કેટેગરીમાં કરવામાં આવ્યો છે. જેના પરિણામે મંડળીઓ સરળતાથી પેટ્રોલ અને ડીઝલની નવી ડીલરશીપ મેળવી શકશે.

આ ઉપરાંત બલ્ક ડિલરશીપ ધરાવતી પેક્સને રીટેલ ડીલરશીપમાં ફેરવવા પણ પ્રાધન્ય આપવામાં આવ્યુ છે. ભારત સરકારની પહેલ બાદ રાજયમાં હાલમાં એક પેક્સ દ્વારા નવા પેટ્રોલ પંપની કામગીરી શરૂ કરાઈ છે જ્યારે ૯ જેટલી પેક્સના બલ્ક પેટ્રોલ પંપને રીટેલ પેટ્રોલ પંપમાં ફેરવવાની મંજૂરી મળી છે, જે આગામી સમયમાં શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ગ્રામીણ સ્તરે સરળ અને ગુણવત્તાસભર દવાઓ પહોંચાડી શકાય તે માટે રાજ્યમાં અત્યાર સુધીમાં પેક્સ દ્વારા ૬ જેટલા જન ઔષધિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આ સિવાય પેક્સ હવે રાજયમાં પાણી સમિતિ તરીકે કામ કરી શકે છે. અત્યાર સુધીમાં રાજયની ૪૮ પેકસ દ્વારા આ માટે ગ્રામ પંચાયતો સાથે કરાર પણ કરવામાં આવ્યા છે, જેમાંથી ૧૫ પેક્સ દ્વારા આ અંગેની કામગીરી શરૂ પણ કરી દેવામાં આવી છે. રાજયમાં સહકારના સાત સિદ્ધાંતો પૈકી એક સિદ્ધાંત મુજબ સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારની ભાવના વધે અને સહકારના નાણાકીય સ્રોતોનો સહકારી સંસ્થાઓમાં જ ઉપયોગ વધે તે માટે આખા દેશમાં પ્રથમ પાયલોટ પ્રોજેકટ ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યો હતો.

સહકારી સંસ્થાઓના ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં ખોલાવવામાં આવ્યા છે. જે અંતર્ગત રાજયની સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલ સભાસદોના ૨૩ લાખથી વધુ નવા ખાતા રાજયની ૧૮ જિલ્લા મધ્યસ્થ બેંકોમાં ખોલાવવામાં આવ્યા છે. જેના પરિણામે રાજયની સહકારી બેંકોની ડિપોઝીટમાં અંદાજે રૂ. ૬,૫૦૦ કરોડથી વધુનો વધારો થયો છે, તેમ રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની યાદીમાં જણાવ્યું છે.

### દિવાળીના તહેવારોમાં અંબાજી મંદિરને ૧.૬૫ કરોડથી વધુનું દાન

। અંબાજી, તા.૨૧ ।

યાત્રાધામ અંબાજીમાં દિવાળીના તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટતાં માતાજીનો ભંડારો છલકાયો હતો. દિવાળીથી દેવ-દિવાળી સુધીના દિવસોમાં ૧.૬૫ કરોડથી વધુનું દાન મળ્યું હતું. શક્તિ ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર બિંદુ અને ગુજરાત અને દેશનું પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી જ્યાં મા અંબા બિરાજમાન છે અને વર્ષે દહાડે લાખો લોકો દેશ-વિદેશથી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા આવે છે. અંબાજી મંદિરમાં દર મંગળવારે ભંડારો ખૂલતો હોય છે અને ૭૦થી વધુ કર્મચારીઓ સીસીટીવી ફૂટેજમાં આ ભંડારાની ગણતરી કરતાં હૉય છે.

### ડીઈઓના નિયમની ઐસી કી તૈસી

## અપોલો ઈન્ટરનેશનલ સ્કૂલે કર્યું વિદ્યાર્થીઓને શાળામાંથી જ સ્વેટર ખરીદવાનું દબાણ કર્યુ

### જેકેટની ફી ભર્યા બાદ વાલીઓને પેમેન્ટનો સ્ક્રીનશોટ મોકલવા માટે કહેવામાં આવ્યું હતું વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ખાનગી શાળાઓ વાલીઓ અને વિદ્યાર્થીઓ પર વધુ નફા માટે નવા નિયમોનું પાલન કરવા દબાણ કરે છે. જો કે શિયાળાની શરૂઆત થતાં જ અમદાવાદની શાળાઓની મનમાની શરૂ થઈ ગઈ છે. અમદાવાદની એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલની મનમાનીનો પર્દાફાશ થયો હતો. જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે શિયાળો શરૂ થતાં જ વિદ્યાર્થીઓને ખાસ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે. જેમાં વાલીઓને ખાસ પ્રકારના બ્લેઝર અને જેકેટ ખરીદવાની સૂચના આપવામાં આવી હતી. શિયાળામાં શાળામાંથી જ બ્લેઝર અને જેકેટ ખરીદવા પર ભાર મૂકવામાં આવતો હતો.શાળા તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, જેકેટની ફી ભર્યા બાદ વાલીઓને પેમેન્ટનો સ્ક્રીનશોટ મોકલવા માટે કહેવામાં આવ્યું હતું. વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો. જો કે, સમગ્ર ઘટના સંદર્ભે, શાળા મેનેજમેન્ટે ખુલાસો કર્યો



કે એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા શાળામાં સ્વેટર વેચાય છે પરંતુ શાળામાંથી જ સ્વેટર ખરીદવાનું પસંદ કરવામાં આવે છે. શાળા દ્વારા કોઈ બળનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. હાલ ડીઈઓએ શાળાઓને યુનિફોર્મ સ્વેટર માટે દબાણ ન કરવા આદેશ કર્યો છે. જેમાં તેમણે વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રો પહેરીને આવવા દેવાની સૂચના પણ આપી હતી. જો કે, રાજ્યની ઘણી શાળાઓ વિદ્યાર્થીઓને શાળા અથવા શાળા સંલગ્ન સ્ટોરમાંથી સ્વેટર ખરીદવાની સૂચના આપે છે.

### મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ-૨૦૨૪

## અમદાવાદ જિલ્લાની જનતા માટે તા. ૨૩ અને ૨૪ નવેમ્બરને ખાસ ઝુંબેશના દિવસો તરીકે નક્કી કરાયાં

। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અપાયેલ કાર્યક્રમ મુજબ તા.૦૧/૦૧/૨૦૨૫ ના લાયકાતના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જેના સંદર્ભમાં લાયકાત ધરાવતા મહત્તમ નવા મતદારોની નોંધણી થાય અને નાગરિકો મતદારયાદીમાંથી તેમની વિગતોમાં સુધારા વધારા કરાવવા ઈચ્છે છે તેઓ આ કાર્યક્રમ માટે નક્કી કરવામાં આવેલ તા.૨૩/૧૧/૨૦૨૪ (શનિવાર), તથા તા.૨૪/૧૧/૨૦૨૪ (રવિવાર)ના દિવસે તેઓના નજીકના બુથમાં BLO મારફત ફોર્મ ભરી શકશે તેમજ જો કોઈ મતદારને તેઓના વિસ્તાર સંદર્ભ મતદાર નોંધણી બાબતે કોઈ પ્રશ્ન, ફરિયાદ કે રજૂઆત હોય તો નીચે જણાવેલ અમદાવાદ જિલ્લાના મતદાર નોંધણી અધિકારીશ્રીઓ પૈકી તેમના વિસ્તારના અધિકારીશ્રીની કચેરીએ રૂબરૂ રજૂઆત ખાસ ઝુંબેશના દિવસોમાં કરી શકે છે. તેમ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ગુજરાતમાં ૧૧,૧૬૦ ગ્રામીણ મહિલા ખેડૂતોને પદ્ધતિસરની તાલીમ આપીને તેમને 'પ્રાકૃતિક કૃષિ સખી' તરીકે તૈયાર કરાઈ : પ્રાકૃતિક કૃષિ સખી પોતપોતાના ગામમાં અન્ય મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા અને પ્રશિક્ષણ આપશે

। (એજન્સી) ગાંધીનગર ।

ગ્રામીણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પવિત્ર મિશનમાં સક્રિયતાથી સહભાગી થવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અનુરોધ કર્યો છે. ગુજરાતમાં ૧૧,૧૬૦ ગ્રામીણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિસરની સઘન તાલીમ આપીને તેમને 'પ્રાકૃતિક કૃષિ સખી' તરીકે તૈયાર કરવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ સખી પોતપોતાના ગામમાં અન્ય મહિલાઓને પ્રાકૃતિક કૃષિ કરવાની પ્રેરણા અને પ્રેક્ટિકલ માર્ગદર્શન આપશે.

મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાની ૭૦૦ જેટલી પ્રશિક્ષિત પ્રાકૃતિક કૃષિ સખી મહિલાઓને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ એ પરમાત્માની પ્રકૃતિના પોષણનું અભિયાન છે. પ્રકૃતિના તત્વો પ્રદૂષિત થઈ ગયા છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી ધરતી ઝેરીલી અને બિન ઉપજાઉ બની ગઈ છે. પાણી પ્રદૂષિત અને અપૂરતું છે. હવા લેવા લાયક રહી નથી. ઝેરી તત્વોવાળા અન્નને કારણે સ્વાસ્થ્ય સામે ગંભીર સંકટ સર્જાયું છે, ત્યારે પ્રાકૃતિક ખેતી અનેક સમસ્યાઓનો એકમાત્ર ઉપાય છે. ઈશ્વરીય વ્યવસ્થામાં સહયોગ આપવો એ જ સાચી પૂજા છે.

રાજભવનમાં મહર્ષિ દયાનંદ સભામંડપમાં ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ અને એસ.પી.એન.એફ.- સતત પ્રગતિશીલ પ્રાકૃતિક કૃષિ સંગઠનના સંયુક્ત ઉપક્રમે આયોજિત પ્રાકૃતિક કૃષિ સખી પરિસંવાદમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને પ્રોત્સાહન તથા ગુજરાત સરકારના પ્રયત્નોથી ગુજરાતમાં અત્યારે દસ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે.

પ્રાકૃતિક ખેતી કરવાની સાચી પદ્ધતિ સમજાવતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ખેડૂતો બીજામૃતથી બીજ સંસ્કારિત કરે, જમીનખેડીને તેમાં શરૂઆતમાં એક એકરે ૧૦ ક્વિન્ટલ ઘન જીવામૃત નાખીને જમીન વાવણી માટે તૈયાર કરે, વાવેતર પછી પ્રત્યેક પાણી આપતી વખતે સાથે જીવામૃત આપે, દર ૧૫ દિવસે એક વખત જીવામૃતનો સ્પ્રે કરે, જીવાત દેખાય તો ત્યાં જરૂર પ્રમાણે નીમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, સૂંઠાસ્ત્ર, દશપર્ણી અર્ક જેવા પ્રાકૃતિક નિયંત્રણ પદાર્થોનો ઉપયોગ કરે અને આચ્છાદન તથા એકી સાથે અનેક પાક (મલ્ટી ક્રોપ) લેવાની પદ્ધતિ અપનાવે. જો આ પાંચ આયામો પ્રમાણિકતાપૂર્વક અપનાવીને પ્રાકૃતિક ખેતી કરવામાં આવે તો ખેત ઉત્પાદન અચૂક વધશે અને ખેતી ખર્ચ પણ સાવ નહિવત્ થઈ જશે. ખેડૂતો પોતાના ખેતરમાં થોડા ભાગમાં પણ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરે એવી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અપીલ કરી હતી.

રાજયપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, જે ધરતી મા આપણને ભોજન આપે છે તેને આપણે યુરિયા, ડીએપી અને જંતુનાશક દવાઓ નાખીને ઝેરી બનાવી



દીધી છે. ફળ, શાકભાજી, અનાજ, દૂધમાં પણ યુરિયા આવી ગયું છે. એટલે, લોકો બીમાર બની રહ્યા છે. આ બધાથી બચવા માટે આપણે ખેતી પદ્ધતિ બદલવી પડશે, પ્રાકૃતિક ખેતી જ અપનાવી પડશે.

પાણીના સ્તર સતત નીચે જઈ રહ્યા છે. પાણીની સાથે સાથે આપણે હવાને પણ એટલી જ પ્રદૂષિત કરી છે. આપણે જમ્યા વગર ચાર પાંચ દિવસ જીવી શકીશું, પરંતુ હવા વગર પાંચ મિનિટ પણ નહીં ચાલે. આપણે માનીએ છીએ કે, હવામાં રહેલો કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણનો સૌથી ખરાબ વાયુ છે, પરંતુ જ્યારે યુરિયા અને ડીએપી જેવા ખાતર ખેતરમાં નાખીએ છીએ, ત્યારે તેમાં રહેલો નાઈટ્રોજન હવાના ઓક્સિજન સાથે ભળીને નાઈટ્રસ ઓક્સાઈડ નામનો વાયુ બનાવે છે, જે કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૩૧૨ ગણો વધુ ખતરનાક છે. શ્રી આચાર્ય દેવવ્રતજી એ કહ્યું હતું કે, જળવાયુ પરિવર્તનથી ખેતીવાડી બરબાદ થઈ જશે, ખર્ચ વધશે ઉત્પાદન ઘટશે. આ તમામથી જો બચવું હોય તો તેનો રસ્તો ફક્ત એક જ છે પ્રાકૃતિક કૃષિ.

દેશી ગાય વિના પ્રાકૃતિક કૃષિ ના થઈ શકે તેમ જણાવી રાજયપાલશ્રીએ જણાવ્યું કે, સારી નસલનીવાછરડીઓની સંખ્યા વધારવા ગુજરાત સરકારે સેક્સ સોર્ટેડ સીમેન તૈયાર કરીને ફક્ત રૂપિયા ૫૦ માં આપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે, જેનાથી હવે વાછરડીયો વધુ જન્મશે. આ વાછરડીઓ તેની મા કરતાં વધુ દૂધ આપનારી ગાય બને છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડથી વધુ સૂક્ષ્મ જીવાણુ હોય છે અને ગૌમુત્ર ખનીજનો ભંડાર છે. દેશી ગાયનું છાણ અને ગૌમુત્ર જમીનની ઉત્પાદકતા, ફળદ્રુપતા અને ગુણવત્તા વધારે છે પરિણામે ઉત્પાદન વધે છે.

જૈવિક ખેતી એટલે કે ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી-નેચરલ ફાર્મિંગ બંને અલગ છે, તેમ જણાવી રાજયપાલશ્રીએ ઉમેર્યું કે, જૈવિક ખેતીમાં ઉત્પાદન વધતું નથી અને ખર્ચ વધુ થાય છે, જ્યારે પ્રાકૃતિક ખેતી બિન ખર્ચાળ છે, સૂક્ષ્મ જીવાણું અને અળસિયાથી થતી ખેતી છે. આ ખેતી કરશો તો ધરતીમાં અનેક પ્રકારના સૂક્ષ્મ જીવાણુ વધશે, અળસિયા પણ વધશે, જે માટીની ગુણવત્તા વધારે છે. ખેતીની જમીન જંગલની જમીન જેવી ઉપજાઉ બને છે, તેમાં યુરિયા ડીએપી નાખવાની જરૂર નથી પડતી.

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. સી.કે. ટીંબડીયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીની ઝુંબેશ શરૂ કરી છે, જે અંતર્ગત આજે મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાની જે મહિલાઓએ પાંચ દિવસની પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલી છે તેઓ અહીં ઉપસ્થિત છે. આ તમામ મહિલાઓ પ્રાકૃતિક કૃષિનો ફેલાવો વધારવામાં મહત્વનું પરિબળ સાબિત થશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

પ્રાકૃતિક કૃષિના રાજ્ય સંયોજક શ્રી મહાત્મા પ્રફુલભાઈ સેંજલીયા એ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રસાયણ યુક્ત ખેતીરૂપી રાક્ષસોના વિનાશ માટે બહેન દુર્ગા બનીને પ્રાકૃતિક કૃષિ અપનાવે તે જરૂરી છે.

આ પરિસંવાદ અંતર્ગત રાજ્યભરમાંથી આવેલી મહિલાઓને નિષ્ણાતો દ્વારા એફ.પી.ઓ. અને પ્રાકૃતિક કૃષિમાં વધુ ઉત્પાદન મેળવવા માટેની પદ્ધતિઓ સમજાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીના જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નિશા ચૌધરી, એસ.પી. એન.એફ. સંગઠનના સંયોજકો, આત્મા પ્રોજેક્ટના અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં પ્રાકૃતિક કૃષિ સખી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા શપથ ગ્રહણ સમારોહમાં કે. સંજય મૂર્તિને ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ તરીકે શપથ લેવડામાં આવ્યા.

## ન્યૂઝ બ્રિફ

### નાગપુરમાં ઝોનલ અધિકારીની કારમાં EVM જોઈ ભડકેલી ભીડે કર્યો પથ્થરમારો



। (એજન્સી) નાગપુર, તા.૨૧ ।

મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં બુધવારે મતદાન બાદ એક ઝોનલ અધિકારીની કાર પર પથ્થરમારો કરવાનો મામલો સામે આવ્યો છે. આ પથ્થરમારાના કારણે ઝોનલ અધિકારીની કાર ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. આ મામલે નાગપુરના જોઈન્ટ સીપી નિસાર તંબોલીની પ્રતિક્રિયા સામે આવી છે. મતદાન પૂર્ણ થયા બાદ એક ઝોનલ અધિકારી કોઈ કામ અર્થે મતદાન મથકની બહાર ગયા હતા. આ દરમિયાન તેમની કારમાં એક EVM મશીન હતું. કેટલાક લોકોને એવી ગેરસમજ થઈ ગઈ કે આ એ જ EVM છે જેનો ઉપયોગ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના મતદાનમાં કરવામાં આવ્યો હતો, જો કે, તેમની કારમાં એક વધારાનું EVM હતું. તેમણે જણાવ્યું કે, કારમાં EVM મશીન જોઈને લોકોએ ઝોનલ અધિકારીનો પીછો કરવા લાગ્યા અને પછી મારામારી પર ઉતરી ગયા અને કાર રોકવા માટે તેમના પર પથ્થરમારો પણ કર્યો હતો. જેના કારણે કારને નુકસાન થયું હતું. નિસાર તંબોલીએ જણાવ્યું કે, આ ઘટનામાં કોણ-કોણ સામેલ હતું તેની તપાસ કરવામાં આવી રહી છે. પથ્થરમારો કરનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

### રશિયાએ યુદ્ધમાં પહેલીવાર ICBM મિસાઈલો છોડી



। (એજન્સી) મોસ્કો, તા.૨૧ ।

યુક્રેન-રશિયા યુદ્ધ હવે ભયાનક સ્થિતિમાં પહોંચી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. યુક્રેને અમેરિકન અને બ્રિટિશ મિસાઈલો વડે રશિયન શહેરોને નિશાન બનાવ્યા બાદ હવે રશિયાએ પણ પોતાનો દાવ ખેલ્યો છે. ગુરુવારે યુક્રેને કહ્યું કે લગભગ ૩ વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધમાં રશિયાએ પહેલીવાર યુક્રેન પર ઈન્ટર-કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છોડી છે. રશિયાએ યુક્રેનના ડિનિપ્રો શહેર પર ૨૧ નવેમ્બરે સવારે ૫ થી ૭ વાગ્યાની વચ્ચે ICBM મિસાઈલ વડે યુક્રેનિયન શહેર ડિનિપ્રો પર તાબડતોડ હુમલા કર્યા છે. આ માટે રશિયાએ RS-26 Rubezh મિસાઈલનો ઉપયોગ કર્યો હોવાની શક્યતા છે. જેને અસ્ત્રાખાન વિસ્તારમાંથી છોડવામાં આવી હતી. યુક્રેનની વાયુસેનાએ આ હુમલાની પુષ્ટિ કરી છે. આ મિસાઈલ ઉપરાંત કિંઝલ હાઈપરસોનિક અને KH-101 ક્રૂઝ મિસાઈલોથી પણ હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનની વાયુસેનાએ એ વાતની પુષ્ટિ કરી છે કે, અમારી મહત્વપૂર્ણ સંસ્થાઓ, ઈમારતો અને માળખાને નુકસાન થયું છે. આ હુમલામાં બિન-પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### પરિણામો આવતાં પહેલાં જ એમવીએમાં દરાર

# મહારાષ્ટ્રમાં સીએમ ચહેરા માટે નાના પટોલે અને સંજય રાઉત વચ્ચે ટકરાવ

## એક્ઝિટ પોલના પરિણામો પર નાના પટોલેએ કહ્યું કે કોંગ્રેસના નેતૃત્વમાં સરકાર બનશે, પરંતુ સંજય રાઉતે તેનો વિરોધ કર્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતદાન બુધવારે (૨૦ નવેમ્બર) સમાપ્ત થયું. તેના એક દિવસ પછી, રાજ્યના મુખ્યમંત્રી પદ માટે કોંગ્રેસના નેતા નાના પટોલે અને શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉત વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું છે. જો કે મહાવિકાસ આઘાડી (MVA) રાજ્યમાં સરકાર બનાવવાનો દાવો કરી રહી છે, પરંતુ પરિણામો પહેલા જ સ્ફછમાં ભંગાણના સંકેત દેખાઈ રહ્યા છે. વાસ્તવમાં,



મતદાન પૂર્ણ થયા પછી, એક્ઝિટ પોલના પરિણામો આવ્યા, મોટાભાગના એક્ઝિટ પોલમાં ભાજપની આગેવાની હેઠળ મહાયુતિ ગઠબંધનની સરકાર બનાવવાની આગાહી કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ એક્ઝિટ પોલના પરિણામો બાદ કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં કોંગ્રેસના નેતૃત્વમાં મહા વિકાસ અઘાડી (MVA)ની સરકાર બનશે. સંજય રાઉતે તરત જ આ નિવેદનને ફગાવી દીધું હતું. તેણે કહ્યું, હું આ સ્વીકારીશ નહીં અને કોઈ આ સ્વીકારશે નહીં. અમે સાથે બેસીને નક્કી કરીશું કે શું નાના પટોલેએ આવું કહ્યું છે અને શું નાના પટોલે પાસે કોંગ્રેસની કમાન છે. શિવસેના (UBT) નેતાએ કહ્યું કે આવી જાહેરાત કોંગ્રેસના વરિષ્ઠ અધિકારીઓ તરફથી આવવાની જરૂર છે.

### સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# માત્ર બ્રેકઅપને કારણે પુરૂષની વિરૂદ્ધ ન કરી શકો રેપ કેસ

## સંમતિ સાથે સંબંધમાં રહેતા યુગલનું બ્રેકઅપ થઈ જવાના કારણે વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

લગ્નની લાલચ આપીને બળાત્કારના આરોપોનો સામનો કરી રહેલા યુવકને સુપ્રીમ કોર્ટે રાહત આપી છે. સુપ્રીમનું કહેવું છે કે સંમતિ સાથે સંબંધમાં રહેતા યુગલનું બ્રેકઅપ થઈ જવાના કારણે વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. ફરિયાદી મહિલાએ ૨૦૧૯માં આરોપી વિરુદ્ધ બળાત્કારનો કેસ દાખલ કર્યો હતો. આ પછી આરોપીએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. આ કેસની સુનાવણી જસ્ટિસ બીવી નાગરથના અને જસ્ટિસ એન કોટેશ્વર



સિંહની બેન્ચ કરી રહી હતી. બાર એન્ડ બેન્ચના જણાવ્યા અનુસાર, કોર્ટે કહ્યું, 'માત્ર બ્રેકઅપના કારણે સહમતિથી સંબંધમાં રહેતા દંપતી વચ્ચે ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. જ્યારે રિલેશનશિપ લગ્નમાં ન ફેરવાય તો એક સમયે સંમતિથી બનાવેલા સંબંધોને અપરાધનું નામ ન આપી શકો. કોર્ટે આશ્ચર્ય પણ વ્યક્ત કર્યું છે કે આરોપીએ ફરિયાદીનું સરનામું શોધી કાઢ્યું હતું અને તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધો બાંધ્યા હતા. ખંડપીઠે કહ્યું હતું કે જો ફરિયાદીએ પોતે સરનામાની માહિતી આપી ન હોત તો આરોપી તેનું સરનામું મેળવી શક્યો ન હોત. રિપોર્ટ અનુસાર, કોર્ટે કહ્યું, 'આ વાત સમજથી બહાર છે કે ફરિયાદી પોતાની સંમતિ વિના અપીલકર્તાને મળવાનું ચાલુ રાખશે કે લાંબા સમય સુધી સંપર્ક બનાવી રાખશે કે શારિરીક સંબંધ બનાવશે'




ગોવામાં ૫૫મી IFFIની તૈયારીઓ અંગે PIBના પ્રિન્સિપલ ડાયરેક્ટર જનરલ ધીરેન્દ્ર ઓઝાએ અધિકારીઓ સાથે વાતચીત કરી.

### ફિલ્મ જોવા સિનેમાઘર પહોંચ્યા સીએમ યોગી આદિત્યનાથ

## યૂપીમાં ટેક્સ ફ્રી થઇ 'The Sabarmati Report'



। (એજન્સી) લખનૌ, તા.૨૧ ।

ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ૧૫ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. દરમિયાન, આ ફિલ્મોને દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ શ્રેણીમાં આ ફિલ્મને ઘણા રાજ્યોમાં ટેક્સ ફ્રી કરવામાં આવી છે. આ ફિલ્મ વર્ષ ૨૦૦૨માં સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં ગુજરાત આવી રહેલા રામસેવકોને કટ્ટરવાદી ટોળા દ્વારા સળગાવી દેવાની ઘટના પર આધારિત છે. આ ફિલ્મમાં વિક્રાંત મેસી અને રાશિ ખન્ના લીડ રોલમાં છે. દરમિયાન, ફિલ્મ અભિનેતા વિક્રાંત મેસી ૧૯ નવેમ્બરના રોજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને લખનૌમાં તેમના સત્તાવાર નિવાસસ્થાને મળ્યા હતા. આજે સીએમ યોગી આદિત્યનાથ ફિલ્મ ધ સાબરમતી રિપોર્ટ જોવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની સાથે ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક અને અન્ય નેતાઓ હાજર હતા. આ દરમિયાન સીએમ યોગી આદિત્યનાથે યુપીમાં આ ફિલ્મને ટેક્સ ફ્રી કરવાની જાહેરાત કરી છે. આ પહેલા વિક્રાંત મેસી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવને મળ્યા હતા. વિક્રાંત મેસીનું મોહન યાદવે સ્વાગત કર્યું હતું અને તેમણે વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને કેબિનેટ મંત્રીઓ સાથે સાબરમતી રિપોર્ટ જોયો હતો. સીએમ મોહન યાદવે આ ફિલ્મને મધ્યપ્રદેશમાં ટેક્સ ફ્રી કરી છે. આ અંગે સીએમ મોહન યાદવે ટ્વીટર પર લખ્યું કે, ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'માં સત્ય ખૂબ જ હિંમત અને નીડરતા સાથે બતાવવામાં આવ્યું છે. અસત્યનો યુગ માત્ર ત્યાં સુધી જ ચાલે છે જ્યાં સુધી સત્યનો સામનો ન થાય. આજે ભોપાલમાં કેબિનેટ સાથીદારો, ભાજપના અધિકારીઓ અને ફિલ્મના મુખ્ય કલાકારો સાથે #TheSabarmatiReport જોઈ. ફિલ્મમાં પ્રશંસનીય ભૂમિકા ભજવનાર તમામ કલાકારોને હાર્દિક અભિનંદન. સીએમ મોહન યાદવે આ ફિલ્મ સમગ્ર કેબિનેટ સાથે જોઈ છે. આ દરમિયાન ફિલ્મના કલાકારો અને ફિલ્મ નિર્માણ સાથે સંકળાયેલા લોકો ત્યાં હાજર હતા. હોટલ અશોકના ઓપન થિયેટરમાં ફિલ્મનો સ્પેશિયલ શો યોજાયો હતો. આ ફિલ્મના પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ વખાણ કર્યા છે. આ ફિલ્મ સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં આગ લગાડવાની ઘટના પર આધારિત છે. આ ફિલ્મને ઘણા રાજ્યોમાં ટેક્સ ફ્રી કરી દેવામાં આવી છે. આજે સીએમ યોગી આદિત્યનાથે આ ફિલ્મ જોયા બાદ તેની પ્રશંસા કરી છે. આ અગાઉ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાય પણ આ ફિલ્મ જોઈ ચૂક્યા છે. આ ફિલ્મને ગુજરાત અને છત્તીસગઢમાં પણ ટેક્સ ફ્રી કરવામાં આવી છે.

### પોલીસને શંકા ગઈ તો કાંડ ખુલ્યો

# સસરાનું મર્ડર થયું છતાં ઘુંઘટો તાણી વહુ હસતી જ રહેતી હતી

। (એજન્સી) શાહજહાંપુર, તા.૨૧ ।

ઉત્તર પ્રદેશની શાહજહાંપુર પોલીસે ચર્ચિત રામસેવક હત્યાકાંડનો ખુલાસો કર્યો છે. વહુએ પોતાના પ્રેમી સાથે મળીને જમીનની લાલચમાં આવીને સસરાની હત્યા કરી નાખી. પોલીસે વહુ અને તેના પ્રેમીની પણ ધરપકડ કરી લીધી છે. હત્યામાં ઉપયોગ કરવામાં આવેલો લોખંડનો પાઈપ જપ્ત કર્યો છે. પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરીને જેલમાં મોકલી દીધા છે. ખુટાર ગામના રૌતાપુર કલાના રહેવાસી રામસેવકના માથા પર ઘા મારીને તેમની હત્યા કરી દેવામાં આવી



હતી. તપાસમાં સુબોધ મિશ્રા અને શશિનું નામ સામે આવ્યું હતું. મુખબિરની સૂચના પર બંનેની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત લોખંડનો પાઈપ પણ શિવકુમારના શેરડીના ખેતરમાંથી મળી આવ્યો છે. પૂછપરછમાં સુબોધ મિશ્રાએ જણાવ્યું કે, "આલોક કુમાર મિશ્રા તેનો માસીયાઈ ભાઈ છે.

### અડધી રાતે પોલીસ દોડતી થઈ

# ભત્રીજાના ટચમાં આવી ગઈ કાકી, પ્રેમમાં તમામ હદ પાર કરી દીધી

। (એજન્સી) ગ્રેટર નોઈડા, તા.૨૧ ।

ગ્રેટર નોઈડાના જારચા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કલૌંદા ગામમાં અડધી રાતે ઘરમાં ઘુસીને વિધવા મહિલાની હત્યા કરી નાખી. હત્યા પાડોશી યુવકે જ કરી હતી. તે સંબંધમાં મહિલાને ભત્રીજો થતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, હત્યારોપી શાહરુખ ખાન પરણેલો છે. આરોપી અને મહિલા વચ્ચે છેલ્લા ૩-૪ વર્ષથી લફરું હતું. જો કે હવે આ મહિલા કોઈ અન્ય સાથે વાત કરવા લાગી હતી, આ વાતથી ગુસ્સે થયેલા આરોપીએ વિધવા મહિલાને પતાવી દીધી.



પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, નરગિસ (૩૨) નામની વિધવા મહિલા અને શાહરુખની વચ્ચે લાંબા સમયથી પ્રેમ પ્રસંગ ચાલી રહ્યો હતો. નરગિસ કોઈ અન્ય વ્યક્તિ સાથે વાત કરવા લાગી તો શાહરુખે તેને ના પાડી દીધી. નરગિસ માની નહીં તો શાહરુખ ગુસ્સો થઈ ગયો.

# હું ૩૫ વર્ષનો છું, શું તમને લાગે છે કે હું સિંગલ રહીશ?

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

સાઉથના સુપરસ્ટાર વિજય દેવરાકોંડાના આજે દુનિયાભરમાં ચાહકો છે. તેની ફિલ્મો રિલીઝ થતાની સાથે જ બોક્સ ઓફિસ પર લોકપ્રિય થઈ જાય છે. વિજય તેની ફિલ્મો એટલે કે પ્રોફેશનલ લાઈફ તેમજ તેની પર્સનલ લાઈફ માટે હેડલાઈન્સમાં રહે છે. વિજયનું નામ અભિનેત્રી રશ્મિકા મંદન્ના સાથે લાંબા સમયથી જોડાયેલું છે. વિજય અને રશ્મિકાએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. ચાહકો તેમની જોડીને માત્ર ઓનસ્ક્રીન જ



નહીં પરંતુ સ્ક્રીનની બહાર પણ પસંદ કરે છે. રશ્મિકા સાથેના અફેરના સમાચારો વચ્ચે, વિજયે તેના સંબંધોની પુષ્ટિ કરી છે કે તે અભિનેત્રીને ડેટ કરી રહ્યો છે. વિજય દેવેરાકોંડાએ તાજેતરમાં જ કર્લી ટેલ્સને તેમનો ઈન્ટરવ્યુ આપ્યો હતો. આ વાતચીત દરમિયાન વિજયે કહ્યું, 'હું ૩૫ વર્ષનો છું; શું તમને લાગે છે કે હું સિંગલ રહીશ?" જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેને કોઈ કો-સ્ટારને ડેટ કરી છે, તો અભિનેતાએ કહ્યું, "હા, મેં કરી છે." વિજયે વધુમાં કહ્યું, 'તેમનો પ્રેમ "બિનશરતી" નથી કારણ કે તેની સાથે કેટલીક અપેક્ષાઓ જોડાયેલી છે. હું જાણું છું કે પ્રેમ કરવામાં કેવું લાગે છે અને હું જાણું છું કે પ્રેમ કરવાનો અર્થ શું છે. હું બિનશરતી પ્રેમને જાણતો નથી કારણ કે મારો પ્રેમ અપેક્ષાઓ સાથે આવે છે, તેથી સ્પષ્ટપણે મારો પ્રેમ બિનશરતી નથી. મને લાગે છે કે બધું ઓવર-રોમેન્ટિક થઈ ગયું છે. જ્યારે અર્જુન રેડ્ડી એક્ટર વિજયને લગ્ન વિશે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેણે કહ્યું, 'મહિલાઓ માટે લગ્ન ખૂબ જ પડકારજનક હોય છે. લગ્ન કોઈની કારકિર્દીના માર્ગમાં ન આવવું જોઈએ. સ્ત્રીઓ માટે લગ્ન મુશ્કેલ છે. તે તમે કયા વ્યવસાયમાં છો તેના પર પણ આધાર રાખે છે.

## તંત્રી લેખ...

# શિક્ષણ અને રેગિંગ: મેડિકલ કોલેજોમાં એક ઘાતક સંસ્કૃતિ

ગુજરાતના પાટણની જીએમઈઆરએસ મેડિકલ કોલેજના પહેલા વર્ષના વિદ્યાર્થી અનિલ મેથાણિયાના રેગિંગને કારણે થયેલું મોત દર્દનાક અને શરમજનક છે. આખરે રેગિંગ પર પ્રતિબંધ છતાં આવી ઘટનાઓ કેવી રીતે બની રહી છે? છેલ્લા બે વર્ષમાં માત્ર ગુજરાતમાં જ રેગિંગની આઠ ઘટનાઓ જોવા મળી છે. હજુ ત્રણ દિવસ પહેલાં ઈન્દોરની એમજીએમ મેડિકલ કોલેજની એક ઘટના સામે આવી હતી, જેમાં પીજી વિદ્યાર્થી અભિષેક મસીહે સતત રેગિંગને કારણે પોતાની સીટ છોડવાનો નિર્ણય કર્યો, પરંતુ કોલેજ પ્રબંધને અભિષેક સાથે સંવેદનશીલ વ્યવહાર કરવા અને તેને ન્યાય અપાવવાને બદલે તેનાં મૂળ સર્ટી પાછા આપવાનો જ ઈનકાર કરી દીધો અને તેના માટે તેની પાસે પહેલાં ૩૦ લાખ રૂપિયાની બોન્ડ રકમ ચૂકવવાની માંગ કરી દીધી. અંતે અભિષેકે હાઈકોર્ટનો આશરો લેવો પડ્યો, જ્યાંથી તેને રાહત મળી. અહીં અઢાર વર્ષના અનિલ મેથાણિયાએ તો માત્ર એક મહિના પહેલાં એડમિશન લીધું હતું. સમાચાર અનુસાર સીનિયર વિદ્યાર્થીઓએ ત્રણ કલાક સુધી તેને ઊભો રાખ્યો અને પછી ડાન્સ કરવા મજબૂર કર્યો, ત્યારબાદ તે બેભાન થઈને પડી ગયો અને થોડી વારમાં તેનું મોત થયું. હવે ૧૫ સિનિયર મેડિકલ વિદ્યાર્થીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે, બલ્કે તેની ધરપકડ પણ કરવામાં આવી છે અને કોલેજે તે બધાને સસ્પેન્ડ કરી દીધા છે. આ દોષી વિદ્યાર્થીઓ સામે તો કાર્યવાહી થવી જ જોઈએ, પરંતુ કોલેજ મેનેજમેન્ટને કેવી રીતે છોડી દેવાય? અનિલને મોતના મોંમાં ધકેલવા માટે જવાબદાર કોલેજ મેનેજમેન્ટ પણ છે. આખરે કોલેજમાં રેગિંગ ચાલે છે, એ વાતે મેનેજમેન્ટ કેવી રીતે ગાફેલ રહ્યું? કહેવાય છે કે બધા આરોપી એમબીબીએસ બીજા વર્ષના વિદ્યાર્થી છે. આ કોલેજ મેનેજમેન્ટની ભારે નિષ્ફળતા છે કે તે આટલા દિવસોમાં આ નવયુવાનોને માનવીયતાના બુનિયાદી પાઠ ન ભણાવી શકી. તેથી જવાબદારી માત્ર વિદ્યાર્થીઓની જ નહીં, પરંતુ કોલેજ પ્રશાસનના સંબંધિત હોદ્દેદારોની પણ નક્કી થવી જોઈએ. રેગિંગથી થનારાં મોત અને હત્યાઓએ અત્યાર સુધી ખબર નહીં કેટલાય ઘરોના દીપક બુઝાવી દીધા છે.

# સુરક્ષા એજન્સીઓ માટે હાઈબ્રિડ આતંકવાદ એ નવી ચિંતાનો વિષય

જમ્મુ કાશ્મીરમાં નવી સરકાર બન્યા બાદ સક્રિય થયેલ આતંકવાદ જેમના નિશાના પર સેના અને બિનકાશ્મીરી હિંદુ નાગરિકો દેખાય છે. શું આ કોઈ ષડયંત્રનો હિસ્સો છે જેનાથી કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે તિરાડ પેદા કરી શકાય કે અલગતાવાદી અને ડીપ સ્ટેટની કોઈ ભારત સરકાર પર દબાણ બનાવવાનું ષડયંત્ર છે? કેટલાંક વર્ષ પહેલાં ઘાટીમાં સુરક્ષા દળો સાથે અથડામણ દરમ્યાન એવા આતંકવાદીઓને ઠાર માર્યા હતા જેઓ એકાદ-બે દિવસ પહેલાં જ આતંકવાદી સમૂહનો હિસ્સો બન્યા હતા. કેટલાક મામલે માર્યા ગયેલા આતંકવાદીના પરિવારજનોને એ ભરોસો ન હતો કે તેમનાં બાળકોએ આતંકનો રસ્તો અપનાવીને હથિયાર ઉઠાવી લીધાં હતાં. જમ્મુ કાશ્મીર પોલીસ અનુસાર 'હાઈબ્રિડ આતંકી' એવા આતંકવાદી છે જે હિંસાત્મક ગતિવિધિઓમાં એક નાગરિક તરીકે સામેલ હોય છે. હાઈબ્રિડ આતંકવાદી એવા વ્યક્તિ હોય છે જે પહેલાં કોઈ પ્રકારની આતંકી ગતિવિધિમાં સામેલ થયા નથી હોતા અને ના તેમનો કોઈ પ્રકારનો સામાજિક કે પોલીસ તથા સુરક્ષા તપાસ એજન્સીઓના રડારમાં કોઈ પ્રકારનો અપરાધિક/આતંકી રેકોર્ડ નથી હોતો. સામાન્ય લાગતા આ લોકો જેમનું ગુપ્ત રીતે નામાંકન કરીને ભરતી કર્યા બાદ યોગ્ય પ્રશિક્ષણ પણ આપવામાં આવે છે અને તેમની ઓળખ કરવી સુરક્ષા દળો માટે બહુ મુશ્કેલ અને પડકારજનક કામ હોય છે. આ લોકો આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ થાય છે કે તેમાં સહાયતા કરે છે. હાઈબ્રિડ આતંકવાદી સામાન્ય લોકો વચ્ચે પોતાની સામાન્ય સામાજિક ઓળખ સાથે રહે છે. તેમને દિશા નિર્દેશ મળતાં આતંકવાદી કાર્યવાહીને અંજામ આપ્યા બાદ ફરીથી સામાન્ય જીવન વિતાવવા લાગે છે. આ એ કાશ્મીરી યુવા હોય છે, જેમની કોઈ ક્રિમિનલ હિસ્ટ્રી નથી હોતી અને તેઓ ઓનલાઈન માધ્યમથી રેઝિસ્ટન્સ ગ્રુપ સાથે જોડાય છે, તેમની ટ્રેનિંગ થાય છે, ટારગેટ નક્કી થાય છે અને ટારગેટની રેકી કરવામાં આવે છે. પછી નક્કી સમયે ઘટનાને અંજામ આપવાની સાથે આતંકી પાછો ઘરે આવી જાય છે અને પોતાની આતંકવાદી હોવાની ઓળખ ગુપ્ત રાખીને પોતાના ગામ-શહેર જઈને સામાન્ય જંદગી જીવવા લાગે છે. આંતરરાષ્ટ્રીય સીમા પર ભઆરતીય સેનાએ ઘૂસણખોરીને ઝીરો ટકા લેવલ પર લાવવામાં સફળતા મેળવ્યા બાદ વિદેશી કે વિદેશમાં પ્રશિક્ષણ પ્રાપ્ત આતંકવાદીઓનું ભારતની સીમામાં ઘૂસણખોરી કરવું હવે મુશ્કેલ થઈ ગયું છે. જમ્મુ-કાશ્મીરમાં મોટાભાગના વિદેશી કે સ્થાનિક આતંકવાદીઓનો ભારતીય સુરક્ષા દળો દ્વારા સફાયો કરી દેવાયો છે અને સ્થાનિક નાગરિકો આતંકવાદી ગતિવિધઓથી અંતર રાખવા લાગ્યા. બીજી તરફ પાકિસ્તાન પર એફએટીએફની તલવાર લટકી હોવાને કારણે પાકિસ્તાન પ્રત્યક્ષ રૂપે આતંકવાદ સમર્થક ટેગથી દરેક હાલમાં બચાવવા માગે છે. આ જ કારણે એક નવા વિકલ્પ રૂપે પાકિસ્તાન દ્વારા હાઈબ્રિડ આતંકીઓ તૈયાર કરાવવાનું કામ શરૂ કર્યું છે. પાકિસ્તાન ભારતીય યુવાઓ સાથે ઓનલાઈન સંપર્ક કરે છે અને તેમનું બ્રેઈનવોશ કર્યા બાદ તેમને ઓનલાઈન ભરતી કરવામાં આવે છે. તેમને ઓનલાઈન જ ટ્રેનિંગ આપવામાં આવે છે. જરૂર પડ્યે તેમને હુમલો કરવા મોકલવામાં આવે છે. હાઈબ્રિડ આતંકી ૧-૨ની સંખ્યામાં હુમલાને અંજામ આપે છે. પાકિસ્તાન એવા લોકોને ચિહ્નિત કરે છે જે અપરાધિક અને રાષ્ટ્રવિરોધી માનસિકતા ધરાવતા હોય. એમ તો પહેલાં પણ કેટલીક મહલા ઓવરગ્રાઉન્ડ કાર્યકર્તા (ઓજીડબ્લ્યુ) આતંકવાદીઓના સાથી તરીકે જોવાતી રહી છે, પરંતુ હવે જ્યારે ઘાટીમાં આતંકવાદ સમાપ્તિ તરફ વળી ચૂક્યો છે એવા સમયમાં આ સુરક્ષા એજન્સીઓ માટે એક નવો પડકાર સાબિત થઈ શકે છે. એમ તો અત્યાર સુધી મહિલા ઓજીડબ્લ્યુની સંખ્યા ઘણી ઓછી છે, પરંતુ આ એક નવો ટ્રેન્ડ છે અને ભવિષ્યમાં એના પર ધ્યાન આપવું પડશે. ૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ અનંતનાગમાં બે મજૂરો પર હુમલા માટે હાઈબ્રિડ આતંકીને એક મહલા ઓજીડબ્લ્યુ દ્વારા હથિયાર પહોંચાડવામાં આવ્યા હતા. આતંકી મહિલા ઓજીડબ્લ્યુ પર સુરક્ષા દળોને ઓછી શંકા હોય છે, વિશેષ કરીને કાશ્મીરની પરિસ્થત અને પોશાકને કારણે તે આસાનીથી નાના હથિયાર છૂપાવીને પહોંચાડી દે છે. તેમને ટ્રેક કરવી મુશ્કેલ હોય છે. એવામાં ઈન્ટેલિજન્સની જવાબદારી અને ભૂમિકા ઘણી વધી જાય છે.

**માનવીનાં જન્મ સાથે જ તેનું મૃત્યુ પણ છે, એ સત્ય નિશ્ચિત થઇ જતું હોય છે, મૃત્યુની ક્ષણ પણ જન્મ સાથે જ નક્કી થઈ જતી હોય છે**

# શ્રીરામે જેટલી ચાવી ભરી હોય એટલું જ દેહ રૂપી રમકડું ચાલવાનું છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**જેણે જીવનમાં પહેલા શુભને મહત્વ આપ્યું હોય એ વ્યક્તિ ક્યારેક સારુ કર્મ કરશે એવી સંભાવના રહે, પરંતુ જેની દ્રષ્ટીમાં સતત લાભની શોધ કે ખોજ હોય, કે જેની દ્રષ્ટી સતત મોજ પર ચીટકેલી હોય, કે ક્યાંથી લાભ મળે તેમ છે, એ મેળવી લેવાની વૃત્તિ જેનામાં હોય, એ ફક્ત અને ફક્ત પોતાના માટે જ જીવી અને અહીંથી વિદાય થશે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે શુક્રવાર એટલે "તરાને કી તર્જ જીવન કાં અર્ક" એ અંતર્ગત વાત કરીશું. શિયાળો આવતાં હવે સૌ પોતપોતાના શરીર સ્વાસ્થ્ય માટે મંડી પડશે. સાંપ્રત સમયમાં લોકો શરીરને એટલું મહત્વ આપે છે કે, એની આળપંપાળ કરવામાં તેમજ બાહ્ય દેખાવને સુધારવા કે વધુ દેખાડવા થવામાં જ સમય અને ધન વાપરે છે, એટલે કે ભોગ કે મનોરંજનને પ્રાધાન્ય આપતાં આ સમાજમાં અમીર હોય કે ગરીબ દરેકની પોતાની જરૂરિયાતો એટલી બધી વધી ગઈ છે, કે એ પૂરી કરવામાં જ તેનું તમામ ધન ખર્ચાઈ જાય, અથવા તો ભવિષ્યમાં આ જરૂરિયાતો પૂરી થઈ શકે, એ માટે બચાવવામાં આવે છે. પરમ કૃપાળુ પરમાત્માનો જેમાં વાસ છે એવાં દેહ રૂપી દેવળનું જતન કરવું એ જરૂરી પણ છે. પરંતુ એનાં લાલન પાલનમાં એ પરમાત્મા વિસરાઈ જાય છે, અને માનવી માનવતા ભૂલીને પરમાર્થની બદલે સ્વાર્થનો માર્ગ પકડી એટલો આગળ નીકળી જાય છે, કે પછી પાછું ફરી શકાતું નથી. પરંતુ અહીંથી કોઈ કંઈ લઈ જઈ શકતું નથી, માટે ઈશ્વરે ધન એશ્વર્ય આપ્યું હોય, તો થોડું દાન ધર્મ પણ કરવું જોઈએ. માનવીનાં જન્મ સાથે જ તેનાં મૃત્યુની ઘડી નક્કી થઈ જતી હોય છે, એટલે કે આયુષ્ય કેટલું છે તે નક્કી થઈ જતું હોય છે. પરંતુ માનવી ખુદ તે જાણતો નથી, પણ અહીંથી જવાનું જ છે એક દિવસ, એ સત્ય તો સૌ કોઈ જાણે છે, પણ અજાણ્યું કરી જીવે છે. તો આજે આપણે એવા જ એક ગીતનો સંદર્ભ તારાને કી તર્જ જીવનકા અર્ક માં ચિંતન તરીકે જોઈશું

**રોતે રોતે હંસના શીખો,**
**હસતે હસતે રોના,**
**જીતની ચાબી ભરી રામને,**
**ઉતના ચલે ખિલોના.**

૧૯૮૭માં બનેલી અંધા કાનૂન નામની આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને માધવી મુખ્ય ભૂમિકામાં હતાં, આ ગીતનું સંગીત લક્ષ્મીકાંત પ્યારેલાલ, અને ગીતના શબ્દો આનંદ બક્ષી સાહેબના છે. એક ફોરેસ્ટ ઓફિસર તરીકેની સર્વિસ કરતા અમિતાભ બચ્ચનને કેવી કેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે એ કહાનીથી આપણે સૌ પરિચિત છીએ. કવિએ આ બે લાઈનમાં જીવનનો સાર કહી દીધો છે. સમય સંજોગ ક્યારેક માનવી ને રડાવી જાય છે, તો ક્યારેક હસાવી જાય તેવા આવતા હોય છે, અને એમાંથી અનુભવ લઈ જીવન સરળ બનાવવાનું હોય. પરંતુ તેને લાંબો સમય મન ઉપર લેવા ન જોઈએ, કારણ કે સમય છે, આ પણ વીતી જશે, એ સત્ય જાણતા હોવા છતાં, સંસારી જીવથી એવું થતું નથી, અને કોઈ વાર તો નાની એવી સમસ્યા હોય તો પણ દુઃખનો પહાડ તૂટી પડ્યો હોય, તેમ આપણે હતાશ પણ થઈ જતાં હોઈએ છીએ. આ હતાશામાંથી બહાર આવીએ ત્યાં બીજી સમસ્યા આંગણે આવીને ઉભી હોય છે. એટલે જીવનનો જે આનંદ લેવાની ક્ષણો હતી, એ આપણી જ ગેરસમજને કારણે આપણે ગુમાવી દીધી, અને પછી ઈશ્વરનો,કે પ્રારબ્ધનો દોષ કાઢીએ. પરંતુ ક્યારેક સહન શક્તિ ઓછી હોય છે, ક્યારેક ધીરજ ઓછી હોય છે, તો ક્યારેક વધુ પડતી ચંચળતાને પરિણામે, મન કે બુદ્ધિ શાંત થઈ શકતા નથી, અને એને પરિણામે દુઃખ મોટા લાગતા હોય છે. માનવીનાં જન્મ સાથે જ તેનું મૃત્યુ પણ છે, એ સત્ય નિશ્ચિત થઈ જતું હોય છે, પરંતુ ભારતીય સંસ્કૃતિ તો ત્યાં સુધી કહે છે કે, મૃત્યુની ક્ષણ પણ જન્મ સાથે જ નક્કી થઈ જતી હોય છે. એટલે કે આયુષ્ય કેટલું રહેશે, અને મૃત્યુ કેવું હશે! એ બાળકનાં જન્મની સાથે જ લખાયેલું હોય છે, અને એટલે જ આપણે ત્યાં બાળકની છઠ્ઠી માંડવાનો રિવાજ છે, અને એવું માનવામાં આવે છે કે બાળક છ દિવસનું થાય, ત્યારે વિધાતા લેખ લખવા આવે છે. માત્ર મૃત્યુની ઘડી નહીં, પરંતુ તેનો જીવનમાં વિકાસ કેવો થશે, એટલે કે કેટલી સફળતા પ્રાપ્ત કરશે, કે પછી નિષ્ફળ રહેશે, વગેરે પણ ત્યારે જ નક્કી થતું હોય છે. પણ આ સત્ય અદ્રશ્ય હોય છે, એટલે કે આપણે જાણતા નથી કે આપણે સફળ થવાના છીએ, કે નિષ્ફળ થવાના છીએ, આપણે જીવનમાં સારા કર્મ કરી શકવાનાં છીએ, કે નથી કરી શકવાનાં, કે એવું કંઈ વિચારી શકીએ એ પહેલાં જ મૃત્યુની ક્ષણ આવી જવાની છે, પણ આ બધું જ કોઈ જાણતું નથી.છતાં જાણવાં જેવું એક સત્ય તો સૌ કોઈ જાણે છે, એટલે કે અહીંથી એક દિવસ વિદાય લેવાની જ છે, અને એ સમયે ગમે ત્યારે આવી શકે છે, માટે જીવનમાં કંઈક વિશેષ કે સારું કાર્ય કરવાની તક આપણને મળી છે, તો કરી લેવું જોઈએ, જેણે જીવનમાં પહેલા શુભને મહત્વ આપ્યું હોય એ વ્યક્તિ ક્યારેક સારુ કર્મ કરશે એવી સંભાવના રહે. પરંતુ જેની દ્રષ્ટીમાં સતત લાભની શોધ કે ખોજ હોય,કે જેની દ્રષ્ટી સતત મોજ પર ચીટકેલી હોય, કે ક્યાંથી લાભ મળે તેમ છે, એ મેળવી લેવાની વૃત્તિ જેનામાં હોય, એ ફક્ત અને ફક્ત પોતાના માટે જ જીવી અને અહીંથી વિદાય થશે, એ પોતાના જીવનમાં કોઈ જ વિશેષ કે સારું કાર્ય કરી શકે નહીં. સારુ કાર્ય એટલે કે કોઈ પ્રત્યે સંવેદના રાખવી એ જ માનવતાનો ધર્મ છે, અને જીવ માત્ર પ્રત્યે સંવેદના એ જ હિંદુ સંસ્કૃતિની મુખ્ય ધરોહર છે. અહીં નાનામાં નાના જીવને મારવો એને પણ હિંસા કહેવામાં આવે છે, અને એની સુરક્ષા માટે પણ વિચારવામાં આવે છે, જેમ કે ગાય કૂતરા ને રોટલી આપવી પક્ષીને ચણ નાખવું અને કીડીયારું પુરવું. આમ પણ આ ગીતના શબ્દો મુજબ જેટલી ચાવી રામે ભરી હશે, એટલું જ આ દેહ રૂપી રમકડું ચાલવાનું છે, અને એ ક્યારે અટકી જશે, એ આપણામાંથી કોઈ જાણતું નથી, એ ઘડી ગમે ત્યારે આવી શકે એમ છે, અને આવતી ક્ષણ પણ હોય શકે, એટલે એ પહેલાં હું કંઈક સારું કરી લઉં, એવું વિચારીને જીવવાનો હવે સમય આવી ગયો છે. કારણકે આજકાલ કાળ મૃત્યુ એટલે કે શારીરિક અવસ્થા પ્રમાણેનાં મૃત્યુ કરતાં, અકાળ મૃત્યુ વધુ થાય છે, અને આપણું શું લખાયું હશે, તે તો રામ જાણે! એ જે હોય તે, પરંતુ જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી કંઈક કરવાની એક આશા પણ છે, અને સૌ કોઈ પોતાના જીવનમાં કંઈક ને કંઈક સારું કાર્ય કરી સંવેદના નું વહેણ હૃદયમાં વહેતું રહે, એવું કંઈક કાર્ય કરે, તો જ આ સમાજનું ચિત્ર બદલાશે,અને અસમાનતાનો આ ગ્રાફ તો જ સમાન થશે. રાષ્ટ્રપિતા ગાંધીજીએ તેમજ સદગુરુદેવ એ જોયેલું રામરાજ્યનું સ્વપ્ન પણ તો જ સાકાર થશે. ભારતની ભૂમિ પર જન્મ મળ્યો છે, તો આ જન્મભૂમિની મહાનતા વિશ્વમાં ઉજાગર કરવી, એ દરેક ભારતીયની ફરજ છે, અને આપણે સૌ આપણી ફરજ નિભાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**પ્રભુની માયા અતિદુસ્તર છે, પણ યોગ્ય ગુરુને શરણે જવાથી તે તરાય છે, ગુરુ જ્ઞાની અને બ્રહ્મ નિષ્ઠ જોઇએ**

# જીવ જ્યારે જન્મ્યો ત્યારે તે શુદ્ધ હતો, તે પછી જેના સંગમાં એ આવ્યો તેવો એ થયો માટે શ્રેષ્ઠ સંતોનો સંગ હંમેશાં રાખો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પ્રભુની માયા અતિદુસ્તર છે, પણ યોગ્ય ગુરુને શરણે જવાથી તે તરાય છે, ગુરુ જ્ઞાની અને બ્રહ્મ નિષ્ઠ જોઇએ, શબ્દબ્રહ્મમાં નિષ્ઠ હોય પણ બ્રહ્મનિષ્ઠા ન હોય તો તે ગુરુ થવાને લાયક નથી, એવો કોઈ સંત શોધી કાઢો કે, જે સંતની સ્મૃતિ તમને પાપ કરતાં અટકાવે, એકાંતમાં એક આસને બેસી ત્રણ કલાક પ્રભુના નામના મહામંત્રોનો જપ કરો, ભગવાનનું ધ્યાન કરો, દિવસમાં કંઈ નહીં, તો ત્રણ કલાક મૌન રાખો, મૌન મનને એકાગ્ર બનાવે છે, મૌનથી મનની શક્તિ વધે છે.**

દિવાળી વેકેશન પુરું થયું હવે શાળા કોલેજમાં વિવિધ કક્ષાની પરીક્ષાઓ શરૂ થશે. પાટણ ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગના કિસ્સાએ એક નિર્દોષ તેજસ્વી વિદ્યાર્થીનો ભોગ લીધો જે સમગ્ર શિક્ષણ જગત માટે કલંકિત ઘટના છે જેમાં દોષિતોને કડકમાં કડક સજા થવી જોઈએ.સાથે જવાબદાર અધિકારીઓ કર્મચારીઓને છાવરવા નજોઈએ આજે ભગવદ ગીતા જ્ઞાનમાં ચિંતન કરીએ તો ભગવદ જ્ઞાનમાં કહયું છે કે સારો શિક્ષક બાર મહિનાનું ભણાવેલું પરીક્ષા વખતે છોકરા ઓને તાજું કરાવે તેમ ભાગવતકાર એકાદશ સ્કંધમાં આગલા સ્કંધોનું જ્ઞાન તાજું કરાવે છે. શ્રીકૃષ્ણની કથા અનંત છે, લીલાનો પાર નથી. શ્રીકૃષ્ણનીકથા ગંગાના પ્રવાહ જેવી છે, પણ ગંગા માં સ્નાન કરવા માટે અમુક જ જગ્યાએ જવું પડે. ગંગા તમે કહો ત્યાં પ્રગટ થાય નહીં, પણ આ શ્રીકૃષ્ણકથા તો ઘર બેઠાં પ્રગટ થાય છે. તમે તેમાં રોજ સ્નાન કરી તનથી, મનથી શુદ્ધ બની શકો છો, જ્યારે ગંગાજીમાં સ્નાન કરવાથી તો કેવળ તનશુદ્ધિ જ થાય છે.દશમ સ્કંધમાં શ્રી કૃષ્ણ લીલા શ્રવણ કરી મનનો નિરોધ થયો,એટલે હવે એકદાશ સ્કંધમાં મન પ્રભુ સાથે મળી જઈ મુક્તિ થાય છે. દશમ સ્કંધની નિરોધ લીલા, એકદાસ સ્કંધની મુક્તિ લીલા આત્મા તો સદા મુક્ત જ છે મનને મુક્ત કરવાનું છે. જીવ સમજી જાય કે મને કોઈ એ બાંધેલો નથી, પણ અજ્ઞાનથી હું માનું છું કે હું બંધાયેલો છું તો એનામાં જ્ઞાનવૈરાગ્ય જાગૃત થશે, વાસના છૂટી જશે અને એ મુક્ત થશે. એકાદશ સ્કંધનો પહેલો અધ્યાય વૈરાગ્યનો છે. વૈરાગ્ય વિના ભક્તિ થતી નથી. વૈરાગ્ય વિચાર કરવાથી આવે છે.મન જ્યારે સુખનું ચિંતન કરે ત્યારે મનને સમજાવવું કે એ ઝેર છે. જ્યારે સંસારના પ્રત્યેક વિષય તરફ વૈરાગ્ય આવે,ત્યારેજાણજો કે ઈશ્વર પ્રત્યે ભક્તિનો ઉદય થયો છે.સત્-અસત્તનો વિવેક જાગે તે પછી વૈરાગ્ય ઉત્પન્ન થશે. નિશ્ચય કરો કે,સંસારના સર્વ જડ પદાર્થ દુઃખરૂપ છે.તે અસત્ છે અને ચેતન પરમાત્મા આનંદરૂપ છે. તે એક જ સત્ છે. જીવને વૈરાગ્ય ત્યારે થાય છે, જ્યારે તેને વસ્તુ સ્થિતિનું જ્ઞાન થાય છે. જીવનમાં જ્યાંસુધી ધક્કો લાગે નહીં ત્યાં સુધી વૈરાગ્ય થતો નથી. તુલસી દાસજીને એમના પત્નીએ મ્હેણું માર્યું કે,આ હાડમાંસના શરીર પર પ્રેમ કરો છો તેવો પ્રેમ રામજી ઉપર કરો તો તમારું જીવન ધન્ય બની જશે.આ વચન એવાં લાગ્યાં કે, તુલસીદાસજી તે જ પળે બધું છોડી ચાલી નીકળે છે એક દિવસ પિંડારક તીર્થમાં ઋષિમુનિઓ બેઠા હતા. યાદવ કુમારોને આ ઋષિઓ ની મશ્કરી કરવાનું સૂઝ્યું. યાદવ કુમારોએ શાંબને સ્ત્રીનો પહેરવેશ પહેરાવી ઋષિઓને પૂછ્યું કે,આ સ્ત્રીને પુત્ર થશે કે પુત્રી? ઋષિઓએ કુમારોને શ્રાપ આપ્યો કે, આને છોકરો નહીં, છોકરી નહીં, પરંતુ તમારા કુળનો વિનાશ કરનારું મુશળ પેદા થશે. યાદવ કુમારો ગભરાયા. તેમણે પોતાની બુદ્ધિ વાપરી મુશળને ઘસી નાખ્યું અને તેનોં ટુકડો વધ્યો તે સમુદ્રમાં નાખી દીધો. તે ટુકડો એક માછલી ગળી ગઈ. પાછળથી પારધીએ માછલી ના પેટમાંથી તે કાઢી તેની બાણની અણી બનાવેલી.એ બાણ તેણે શ્રીકૃષ્ણ ને મારેલું. પૃથ્વી પરની લીલા સંકેલી લેવામાં ભગવાનને એ બાણ નિમિત્ત બનેલું. મુશળ એટલે કાળ. યાદવોની બુદ્ધિબગડી તેમણે ઋષિઓનું અપમાન કર્યું. એટલે એમનો કાળ આવ્યો. માણસની જ્યારે બુદ્ધિ બગડે ત્યારે એને કાળ આવે. બુદ્ધિ બગડવાથી યાદવો અંદર અંદર લડ્યા અને કપાઈ મૂઆ. મનુષ્યને લયમાં, વિનાશમાં આનંદ નથી આવતો, પણ ભગવાનને લયમાં એટલે વિનાશમાં પણ આનંદ આવે છે. કારણ ભગવાન આનંદ રૂપ છે. એક દિવસ નારદજી વસુ દેવને ત્યાં પધાર્યા.વસુદેવજીએ નારદ જીની પૂજા કરી.તે પછી પ્રશ્ન કર્યો, આપ મને એવો ઉપદેશ આપો કે, જેથી હું આ જન્મ મૃત્યુ રૂપ ભયાનક સંસારને અનાયાસે પાર કરી જાઉં.જવાબમાં નારદ જીએ નવ યોગીશ્વરો અને નિમિ રાજાનો સંવાદ સાંભળ્યો:એક વખત વિદેહ રાજ નિમિના દરબારમાં નવ યોગેશ્વરો પધાર્યા. વિદેહરાજ નિમિએ તેઓને પ્રશ્ન કર્યો કે, અમને ભાગવત ધર્મનો ઉપદેશ કરો ! યોગેશ્વરો રાજાને કહેછે,આ જીવ અંશ છે.શ્રીકૃષ્ણ અંશી છે.અંશી થી અંશ જુદો પડયો છે, પણ તે ક્યારે અને કેમ જુદો પડયો અને અજ્ઞાનનો આરંભ ક્યારે થયો તે કહી શકતું નથી.અજ્ઞાનનો તો નાશ થઈ શકે છે. જીવાત્મા પરમાત્માથી જુદો પડેલો છે એ જ મહાન દુઃખ છે.તે વિયોગરૂપી દુઃખ ત્યારે જ દૂર થાય જ્યારે જીવ પરમાત્મામાં મળી જાય.જીવ પ્રભુમાં મળે નહીં ત્યાં સુધી તેને કાળની બીક છે, ત્યાં સુધી તેણે રડવાનું છે.આ દુઃખની દવા એક જ બ્રહ્મસંબંધ! જીવ ઈશ્વર સાથે સંબંધ જોડે તે. કાળના ભયમાંથી છૂટવા કાળના પણ કાળ શ્રીકૃષ્ણને શરણેજાઓ દરેક કાર્ય શ્રીકૃષ્ણની આજ્ઞા માની ને કરો. પરમાત્માને પ્રસન્ન કરવાની ભાવનાથી પ્રભુપ્રિત્યર્થે કરો. દરેક માં પરમાત્મા છે,એમ માની વ્યવહાર કરો તો એ વ્યવહાર પણ ભક્તિ બને છે.પણ સત્સંગ વગર આ જ્ઞાન પ્રાપ્ત થતું નથી, તેથી રોજ થોડો વખત સત્સંગ કરવાની જરૂર છે. સત્સંગથી મનનો મેલ દૂર થાય છે. જીવ જ્યારે જન્મ્યો ત્યારે તે શુદ્ધ હતો. તે પછી જેના સંગમાં એ આવ્યો તેવો એ થયો. માટે શ્રેષ્ઠ સંતોનો સંગ હંમેશાં રાખો.સંસારના વિષયો વહાલા લાગે ત્યાં સુધી સમજવું કે,હું વૈષ્ણવ થયો નથી, મુક્તિને લાયક થયો નથી. જગત માં બે માર્ગ છે:પહેલો ત્યાગનો, બીજો સમર્પણનો.ત્યાગ માર્ગે ન જઈ શકે એવા ઓ માટે આ સમર્પણનો માર્ગ બનાવ્યો.જે કંઈ કરો તે બધું શ્રીકૃષ્ણાર્પણ બુદ્ધિથી કરો. શરીરથી, વાણીથી, મનથી, ઈન્દ્રિયોથી, બુદ્ધિથી અને સ્વભાવે કરીને મનુષ્ય જે જે કર્મ કરો તે તે સર્વ ભગવાન નારાયણને સમર્પણ કરે. આ છે સરળ અને સીધો ભાગવત ધર્મ.ભૂતમાત્ર તરફ, પ્રાણી માત્ર તરફ જે ભગવદ ભાવથી જુએ છે એટલે પોતાને સર્વમાં અને સર્વને પોતામાં જુએ છે તે ઉત્તમ ભાગવત છે એમ જાણવું. પ્રભુની માયા અતિદુસ્તર છે, પણ યોગ્ય ગુરુને શરણે જવાથી તે તરાય છે.ગુરુ જ્ઞાની અને બ્રહ્મ નિષ્ઠ જોઈએ. શબ્દબ્રહ્મમાં નિષ્ઠ હોય પણ બ્રહ્મનિષ્ઠા ન હોય તો તે ગુરુ થવાને લાયક નથી. એવો કોઈ સંત શોધી કાઢો કે, જે સંતની સ્મૃતિ તમને પાપ કરતાં અટકાવે. એકાંતમાં એક આસને બેસી ત્રણ કલાક પ્રભુના નામના મહામંત્રોનો જપ કરો. ભગવાનનું ધ્યાન કરો. દિવસમાં કંઈ નહીં, તો ત્રણ કલાક મૌન રાખો.મૌન મનને એકાગ્ર બનાવે છે. મૌનથી મનની શક્તિ વધે છે.કાયાથી,મનથી અને વચન થી કોઈનું દિલ ન દુભાવો. સ્વધર્મ માં નિષ્ઠા રાખો,પણ અન્ય ધર્મો પ્રત્યે કુભાવ ન રાખો.માયાને તારવાનાં ઘણાં સાધનો છે, પણ મોટામાં મોટું, સરળમાં સરળ અને પ્રબળમાં પ્રબળ સાધન ભક્તિ છે.ભક્ત કેવળ ભક્તિથી અનાયાસે માયાને તરી જાય છે. પ્રભુ ગીતામાં કહે છે કે,જે મારે શરણે આવે છે તે આ માયાને તરી જાય છે.જીભના માલિક તમે છો, જીભ તમારી છે. પ્રભુના નામનો જપ કરવામાં કંઈ ખર્ચ નથી અને છતાં જીભ નામ જપે નહીં, તમે તેની પાસેથી એટલું કામ લઈ શકો નહીં.એને પરિણામે દુઃખ ભોગવો તો એથી મોટું ઐશ્વર્ય શું?યક્ષ યુધિષ્ઠિરને એક પ્રશ્ન પૂછે છે કે, આ દુનિયામાં મોટામાં મોટું આશ્ચર્ય શું?યુધિષ્ઠિર જવાબ આપે છેકે,રોજ સેંકડો જીવો યમરાજને ઘરે જઈ રહ્યા છે તે જોવા છતાં બીજા બાકી રહેલા લોકો તો એમ જ માને છે કે, અમે મરવાના જ નથી અને એમ માની તેઓ દુનિયામાં સ્થિર રહેવા ઈચ્છે છે. આથી મોટું આશ્ચર્ય શું હોઈ શકે?ખરેખર,આ જ મોટામાં મોટું આશ્ચર્ય છે. ગીતાજી કહે છે કે, શું કર્મ અને શું અકર્મ તેમાં મોટા મોટા કવિઓ- ઋષિઓ પણ મુંઝાઈ જાય છે. જે અકર્મ કર્મ જુએ છે અને કર્મમાં અકર્મને જુએ છે, એટલે કે કર્મના ફળમાં આસક્તિ રાખ્યા વગર અનાસક્તપણે કર્મ કરે છે તે જ શ્રેષ્ઠ છે. માટે ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરો. પ્રભુએ વિચાર્યું કે,હવે સ્વધામ પધારવાનો વખત થયો છે દ્વારિકામાં મોટા મોટા અપશુકનો થવા લાગ્યા.વૃદ્ધ યાદવો ભગવાન પાસે આવ્યા. પ્રભુએ કહ્યું, હવે અહીં રહેવું ઈષ્ટ નથી.માટેઆપણે પ્રભાસક્ષેત્રમાં જઈએ.આ સાંભળી સર્વ પ્રભાસ જવાની તૈયારી કરવા લાગ્યા. ઉદ્ધવજી સમજી ગયા કે, યાદવોનો સંહાર કરી ભગવાન આ લોકોનો પરિ ત્યાગ કરશે!ઉદ્ધવજી ભગવાન પાસે આવ્યા. કહેવા લાગ્યા, હું આપને શરણે આવ્યો છું. તમારા વિરહમાં હું કેવી રીતે જીવી શકીશ? ભગવાન કહે છે, ઉદ્ધવ, આ બધો સ્વપ્નાંનો ખેલ છે, ભ્રમ છે. સંસાર અસત્ય છે, આત્મા જ સત્ય છે,એમ કહી ત્યાગ-સંન્યાસ નો ઉપદેશ આપ્યો. પણ ઉદ્ધવ કહે છે, ત્યાગનો માર્ગ મુશ્કેલ છે. મને સહેલો ઉપાય બતાવો! મારા પર કૃપા કરો! ત્યારે ભગવાન કહે છે,ઉદ્ધવ,મેં તો તારા પર કૃપા કરી જ છે.હવે તું જ તારા પર કૃપા કર. તું જ તારો ગુરુ થા અને તું જ તારો ઉદ્ધાર કર ખરી વાત એ છેકે,આત્મા જ આત્માનો ગુરુ છે હું તારી પાસે ધન માગતો નથી, માત્ર તારું મન માગું છું. તારું મન મને આપ અને સર્વમાં મને જો પછી ઉદ્ધવ પ્રાર્થના કરે છે, પ્રભુ, મને આત્મ તત્ત્વનો ઉપદેશ કરો. ભગવાન કહે છે, અનેક પ્રકારનાં શરીરોનું મેં નિર્માણ કર્યું છે, પરંતુ તે સૌમાં મનુષ્ય શરીર મને અત્યંત પ્રિય છે. આ શરીરમાં જ મનુષ્ય ઈશ્વરનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે,એ સંબંધમાં અવધૂત દત્તાત્રેયનું સદા સ્મરણ કરવું. એક વખત યદુરાજાએ શ્રી દત્તા ત્રેયને નિર્ભય વિચારતા જોઈ પૂછ્યું કે,સંસારમાં લોકો લોભના દાવાનળમાં બળી રહ્યા છે,પણ એની તમારા પર કંઈ અસર નથી. તમે આત્મસ્વરૂપમાં સ્થિર છો અને સદા અનિર્વચનીય આનંદ માણો છો એનું રહસ્ય શું છે? દત્તાત્રેયજી કહે, રાજા, મેં નિશ્ચય કરી લીધો છે કે, સંસારની જડ વસ્તુઓમાં આનંદ નથી. એટલે દશ્યમાંથી દૃષ્ટિ હટાવી દૃષ્ટામાં હું દૃષ્ટિને સ્થિર કરું છું, તેથી સદા આનંદ પ્રાપ્ત થાય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,પરમ કૃપાળુ પરમાત્મા સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થશે

# આખરે અભિનેત્રી કંગનાની ફિલ્મ ‘ઇમરજન્સી’નું આગમન નક્કી થયું

## કંગના રણૌતની ‘ઇમરજન્સી’ અંતે રિલીઝ થવાની છે અને તેની હવે નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે

કંગના રણૌતની ‘ઈમરજન્સી’ અંતે રિલીઝ થવાની છે અને તેની હવે નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. સૌથી પહેલાં આ ફિલ્મ ૧૪ જૂને રિલીઝ થવાની હતી. પરંતુ કેટલાક વિવાદોને કારણે ફિલ્મની રિલીઝ પાછી ઠેલાઈ હતી. ભારતીય લોકશાહીના ઈતિહાસની સૌથી વિવાદીત ઘટના દર્શાવતી એક મોટા બજેટની ફિલ્મ હોવાનો દાવો ફિલ્મ મેકર્સ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ ફિલ્મ દેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના જીવન પર આધારીત છે. કંગનાએ પોતાના એક્સ અકાઉન્ટ દ્વારા આ ફિલ્મની નવી રિલીઝ ડેટ અંગે જાહેરાત કરી હતી. પોસ્ટર જાહેર કરવાની સાથે તેણે ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ તારીખ પણ જાહેર કરી હતી. આ સાથેની કૅપ્શનમાં તેણે લખ્યું હતું, “૧૭ જાન્યુઆરી ૨૦૨૫, આ દેશની સૌથી શક્તિશાળી મહિલાની મહાગાથા અને એ ક્ષણ જેણે ભારતનું ભાગ્ય બદલી નાંખ્યું. ઈમરજન્સી આપની સમક્ષ માત્ર સિનેમામાં ખુલશે.” આ ફિલ્મમાં કંગના ઈન્દિરા ગાંધીની મુખ્ય ભુમિકા તો ભજવે જ છે સાથે તેણે આ ફિલ્મ ડિરેક્ટ પણ કરી છે, તે જ આ ફિલ્મની રાઈટર અને પ્રોડ્યુસર પણ છે. કંગના સાથે આ ફિલ્મમાં અનુપમ ખેર, મિલિંદ સોમણ, મહિમા ચૌધરી, અને શ્રેયસ તળપદે જેવા જાણીતા કલાકારો પણ મહત્વના રોલમાં છે. શ્રેયસ તળપદે આ ફિલ્મમાં અટલ બિહારી બાજપાઈનો રોલ કરે છે. જ્યારે અનુપમ ખેર જયપ્રકાશ નારાયણનું પાત્ર ભજવતા જોવા મળશે.




# શાહરૂખે એનાઉન્સ કરી આર્યન ખાનની ડેબ્યુ વેબ સિરીઝ

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનની જેમ તેના પુત્ર આર્યન ખાને પણ ફિલ્મોની દુનિયામાં પોતાનો રસ્તો શોધી લીધો છે. ઘણા સમયથી આર્યનના ડેબ્યુની ચર્ચા ચાલી રહી હતી. આ અંગે કામ પણ ચાલી રહ્યું હતું, પરંતુ કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નહોતી. હવે આર્યન ખાનના ડેબ્યુ પ્રોજેક્ટની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. શાહરૂખ ખાને પોતે સોશિયલ મીડિયા દ્વારા ફેન્સ સાથે આ સારા સમાચાર શેર કર્યા છે. આ અવસર પર લોકો તેને શુભકામનાઓ આપતા જોવા મળી રહ્યા છે. આર્યન એક વેબ સિરીઝ સાથે ડેબ્યુ કરી રહ્યો હ્હે. આ વેબ સિરીઝ બોલિવૂડ પર આધારિત છે અને તેનું નિર્દેશન આર્યને કર્યુ છે.શાહરૂખ ખાને એક્સ પર આ માહિતી શેર કરી છે. તેણે લખ્યું- તે ખૂબ જ ખાસ દિવસ છે જ્યારે દર્શકો માટે નવી વાર્તા રજૂ કરવામાં આવે છે. રેડ ચિલીઝ માટે આજે વધુ ખાસ દિવસ છે. આ સાથે આર્યન ખાન તેની નવી વેબ સિરીઝ સાથે દર્શકોની વચ્ચે આવવા માટે તૈયાર છે.સિરીઝની સત્તાવાર જાહેરાત કરવાની સાથે શાહરૂખ ખાને તેના પુત્ર આર્યનને એક સલાહ પણ આપી હતી. તેણે કહ્યું- ‘આર્યન આગળ વધો અને લોકોનું મનોરંજન કરો અને યાદ રાખો, શો બિઝનેસ જેવો કોઈ બિઝનેસ નથી!!.’ આ સિરીઝની વાત કરીએ તો, તેને આર્યનની માતા અને શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાને પ્રોડ્યુસ કરી છે.આ સિરીઝ બોલિવૂડની અત્યાર સુધીની સફર પર એક ડોક્યુમેન્ટરી સિરીઝ છે. આ સિરીઝ વર્ષ ૨૦૨૫માં આવશે.

### સુપરસ્ટાર સૂર્યા સામે ઉઠ્યા સવાલ

# રૂ.૩૫૦ કરોડમાં બનેલી ફિલ્મ છઠ્ઠા દિવસે ત્રણ કરોડની કમાણી પણ ન કરી શકી

## શિવા દ્વારા દિગ્દર્શિત અને સુપરસ્ટાર સૂર્યા સ્ટારર એક્શન ડ્રામા ફિલ્મ ‘કંગુવા’ વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાંથી એક હતી

શિવા દ્વારા દિગ્દર્શિત અને સુપરસ્ટાર સૂર્યા સ્ટારર એક્શન ડ્રામા ફિલ્મ ‘કંગુવા’ વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાંથી એક હતી. જો કે, થિયેટરોમાં રિલીઝ થયા બાદ ફિલ્મ પહેલા જ દિવસે ફલોપ થઈ ગઈ છે. આ ફિલ્મને દર્શકો અને ક્રિટિક્સ તરફથી મોટાભાગે નેગેટિવ રિવ્યૂ મળ્યા છે. આ સાથે જ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ ગઈ છે અને કમાણીના મામલે પછડાઈ ગઈ છે. હવે સુપરસ્ટાર સામે સવાલ ઉઠી રહ્યા છે. ચાલો જાણીએ કે ‘કંગુવા’એ તેની રિલીઝના છઠ્ઠા દિવસે એટલે કે મંગળવારે કેટલી કમાણી કરી? ‘કંગુવા’ સિનેમાઘરોમાં મોટી અપેક્ષાઓ સાથે રિલીઝ થઈ હતી. જો કે, ફિલ્મના દર્શકોને ભારે નિરાશા મળી છે. સૂર્યાની આ ફિલ્મની નબળી પ્લોટ, ખરાબ સ્ક્રિપ્ટ અને અત્યંત લાઉડ બેકગ્રાઉન્ડ મ્યુઝિકના કારણે ફિલ્મની ખૂબ ટીકા થઈ રહી છે. આ ફિલ્મ પ્રથમ અઠવાડિયામાં જ બોક્સ ઓફિસ પર નિષ્ફળ સાબિત થઈ ગઈ અને હવે આ મોટા બજેટની ફિલ્મ બોક્સ ઓફિસ પર ચંદ કરોડની કમાણી કરવા માટે સંઘર્ષ કરી રહી છે.ફિલ્મની કમાણીની વાત કરીએ તો ‘કંગુવા’એ રિલીઝના પ્રથમ દિવસે ૨૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બીજા દિવસે ફિલ્મે ૯.૫ કરોડની કમાણી કરી હતી. ત્રીજા દિવસે ‘કંગુવા’એ ૯.૮ કરોડની કમાણી કરી હતી. બીજી તરફ ચોથા દિવસે ફિલ્મે ૧૦.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું અને પાંચમા દિવસે, આ પીરિયડ એક્શન ડ્રામાએ ૩.૧૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. હવે ફિલ્મની રિલીઝના છઠ્ઠા દિવસ એટલે કે પ્રથમ મંગળવારની કમાણીના પ્રારંભિક આંકડા આવી ગયા છે.



### ફિલ્મના પોસ્ટરની સાથે જ તેની પર તેની પ્રી-સેલ બુકિંગના આંકડા પણ લખાયા છે

# ‘પુષ્પા ૨’એ રિલીઝ થતા પહેલા કરી કરોડોની કમાણી

તેલુગુ સિનેમાની વર્ષ ૨૦૨૪ની બહુચર્ચિત ફિલ્મ ‘પુષ્પા ૨’એ રિલીઝ પહેલા જ કરોડોની કમાણી કરી લીધી છે. ફિલ્મ ૫ ડિસેમ્બર ૨૦૨૪એ થિયેટર્સમાં રિલીઝ થશે. આ પહેલા મૂવીના પોસ્ટર્સ અને ટ્રેલરને રિલીઝ કરવામાં આવી ચૂક્યા છે, જેને જોઈને ચાહકો ખૂબ ઉત્સુક થઈ ગયા છે તેમજ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે. દરમિયાન હવે તેનું એડવાન્સ બુકિંગ પણ શરૂ થઈ ચૂક્યું છે, જેમાં ફિલ્મે એક જ દિવસમાં સારું પ્રદર્શન કર્યું છે. પ્રી-સેલ બુકિંગના પહેલા જ દિવસે મૂવીએ શાનદાર કમાણી કરી છે. એક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટથી ફિલ્મ પુષ્પા ૨ નું પોસ્ટર શેર કરવામાં આવ્યું છે. જેમાં અલ્લુ અર્જુનને સાડીમાં એક્શન અવતારમાં જોઈ શકાય છે. તેમાં તેનો લુક શાનદાર નજર આવી રહ્યો છે. પોસ્ટરને શેર કરતાંની સાથે જ સોશિયલ મીડિયા પર ફિલ્મનું પ્રી-સેલ બુકિંગ કરવાની જાણકારી આપવામાં આવી છે. આ સાથે કેપ્શનમાં લખવામાં આવ્યું છે, પુષ્પા રાજનો દબદબો બોક્સ ઓફિસને નવું પરિમાણ આપી રહ્યો છે. આ સાથે જ આગળ લખવામાં આવ્યું છે, એક ઔર દિન, એક ઔર રેકોર્ડ, ઈતિહાસ કી કિતાબમાં દર્જ હો ગયા.’પુષ્પા ૨ ની પ્રી-સેલ બુકિંગ અત્યારે યુએસએમાં શરૂ થઈ છે. ફિલ્મના પોસ્ટરની સાથે જ તેની પર તેની પ્રી-સેલ બુકિંગના આંકડા પણ લખવામાં આવ્યા છે. તેની પર લખ્યું છે કે ફિલ્મે સૌથી ઝડપી એક મિલિયન ડોલરની કમાણી કરી લીધી છે. જ્યારે હજુ તેની રિલીઝમાં ૧૫ દિવસનો સમય બાકી છે. ઈન્ડિયામાં ૫ ડિસેમ્બરે રિલીઝ કરવામાં આવશે. યુએસએમાં ૪ ડિસેમ્બરે થિયેટર્સમાં દસ્તક દેશે. ઈન્ડિયા પ્રી-સેલ બુકિંગ પણ શરૂ થવાની છે. દરમિયાન અંદાજ લગાવાઈ શકે છે કે જ્યારે યુએસએમાં ફિલ્મને લઈને આટલો ક્રેઝ છે તો ઈન્ડિયામાં કેટલો હશે. તેની એડવાન્સ બુકિંગમાં જોવો રસપ્રદ હશે કે ફિલ્મ કેટલી ફિલ્મોના રેકોર્ડ તોડે છે અને નવા રેકોર્ડ્સ બનાવે છે.પુષ્પા ૨ ની રિલીઝ પહેલા જ ફિલ્મના ડિજિટલ રાઈટ્સ વેચાઈ ચૂક્યા છે. રિપોર્ટ અનુસાર ફિલ્મના ઓટીટી રાઈટ્સ નેટફ્લિક્સે ખરીદ્યા છે અને આ માટે ૨૭૫ કરોડમાં ડીલ ફાઈનલ થઈ છે.




### રિતિક રોશન અને જુનિયર એનટીઆર સાથે શ્રદ્ધા કપૂરને સ્પેશિયલ ડાન્સ ઓફર થયો

# ‘પુષ્પા ૨’ ગુમાવનારી શ્રદ્ધા કપૂરને ‘વોર ૨’ મળી શકે?

ફિલ્મ જગતમાં બોક્સઓફિસના આધારે દર શુક્રવારે સ્ટાર્સના નસીબ બદલાતા હોવાનું કહેવાય છે. શ્રદ્ધા કપૂરના સ્ટારડમમાં ‘સ્ત્રી ૨’ની સફળતાએ વધારો કરી દીધો છે, પરંતુ તે પછી શ્રદ્ધાનો નવો કોઈ પ્રોજેક્ટ જાહેર થયો નથી. અલ્લુ અર્જુન સાથે ‘પુષ્પા ૨’માં સ્પેશિયલ સોન્ગ માટે શ્રદ્ધા સાથે વાટાઘાટો ચાલી હતી. જો કે આ સ્પેશિયલ સોન્ગ સાઉથની એક્ટ્રેસ શ્રીલીલાને મળી ગયું. શ્રદ્ધાને અન્ય એક બિગ બજેટ ફિલ્મમાં સ્પેશિયલ સોન્ગ ઓફર થયું હોવાનું કહેવાય છે. રિતિક રોશન અને જુનિયર એનટીઆરની ‘વૉર ૨’માં સ્પેશિયલ સોન્ગ માટે શ્રદ્ધા ફાઈનલ થાય તેવી શક્યતા છે. અલ્લુ અર્જુનની બ્લોકબસ્ટર ‘પુષ્પાઃ ધ રાઈઝ’માં સામંથા રૂથ પ્રભુના ‘ઊ અંટ્વા...’ના ભરપૂર વખાણ થયા હતા. સામંથાએ ‘પુષ્પાઃ ધ રૂલમાં’ સ્પેશિયલ સોન્ગ માટે ઈનકાર કરી દેતાં શ્રદ્ધા કપૂરને ઓફર થઈ હતી. ચર્ચા મુજબ, શ્રદ્ધાએ વધારે ફી માગી હોવાથી શ્રીલીલાની પસંદગી કરવામાં આવી હતી. જો કે શ્રદ્ધા માટે વધારે સારી ઓફર આવી હોવાનું જાણવા મળ્યું છે. બોલિવૂડના ગ્રીક ગોડ કહેવતા રિતિક રોશન અને તેલુગુ સુપર સ્ટાર જુનિયર એનટીઆરની ‘વૉર ૨’માં શ્રદ્ધાને તક મળી શકે છે. ‘બ્રહ્માસ્ત્ર’ના ડાયરેક્ટર અયાન મુખરજી રિતિક અને જુનિયર એનટીઆર સાથે ‘વૉર ૨’ બનાવી રહ્યા છે. આગામી વર્ષે ૧૪ ઓગસ્ટે આ ફિલ્મ થીયેટરમાં રિલીઝ થવાની છે. યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સની આ થ્રિલરમાં કિયારા અડવાણી પણ લીડ રોલમાં છે. ‘વૉર ૨’માં સ્પેશિયલ સોન્ગની ઓફર ઉપરાંત અન્ય એક ફિલ્મમાં પણ શ્રદ્ધાનું નામ ચર્ચી રહ્યું છે. રણબીર કપૂર અને શ્રદ્ધાએ અગાઉ ‘તુ જૂઠી મૈં મક્કાર’માં સાથે કામ કર્યુ હતું. આ જોડીને ‘ધૂમ ૪’માં રીપિટ કરાય તેવી શક્યતા છે. આ ઉપરાંત સુપરનેચરલ ‘નાગિન’ પણ નક્કી મનાય છે. શ્રદ્ધાના આગામી પ્રોજેક્ટ્સ અંગે ઘણી બધી અટકળો ચાલી રહી છે, પરંતુ શ્રદ્ધા તરફથી કન્ફર્મેશન અપાયું નથી.





### ડૂબતી નાવને બચાવવાની જવાબદારી ડાયરેક્ટરે લીધી

# ટાઈગર રુકેગા નહીં ‘બાગી ૪’માં વધારે ખૂંખાર બનશે

## પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાએ શેર કરેલા ફર્સ્ટ લૂક પોસ્ટરમાં ટાઈગર શ્રોફ ટોઈલેટ ચેર પર બેઠેલો છે

બોલિવૂડનો ફેવરિટ એક્શન હીરો ટાઈગર શ્રોફ ઘણાં સમયથી ફલોપ ફિલ્મો આપી રહ્યો છે. પણ, પોતાના નામને યથાર્થ ઠેરવતાં ટાઈગરે થાકીને હારી જવાના બદલે બમણા ઝનૂન સાથે પાછા ફરવાની તૈયારી કરી લીધી છે. ટાઈગરની કરિયરમાં માઈલસ્ટોન સાબિત થયેલી ‘બાગી’ ફ્રેન્ચાઈઝની ચોથી ફિલ્મ બની રહી છે, જેમાં ટાઈગરને વધારે ખૂંખાર બતાવવામાં આવ્યો છે. ‘બાગી ૪’ની ઓફિશિયલ એનાઉન્સમેન્ટ સાથે ફિલ્મનું પોસ્ટર પણ શેર કરવામાં આવ્યું છે. પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાએ શેર કરેલા ફર્સ્ટ લૂક પોસ્ટરમાં ટાઈગર શ્રોફ ટોઈલેટ ચેર પર બેઠેલો છે. તે સ્મોકિંગ કરી રહ્યો છે, હાથમાં દારૂની બોટલ છે અને આસપાસ લોહીના ડાઘા છે. ટાઈગરના પગ પાસે કેટલાક માણસો પડ્યા છે, જેમને ટાઈગરે જ માર્યા હોય તેમ લાગે છે. અગાઉની ત્રણ ‘બાગી’ કરતાં આ ફિલ્મ અલગ હોવાનું એલાન કરતાં નડિયાદવાલાએ પોસ્ટમાં જણાવ્યું છે કે, આ વખતે વધારે ખૂંખાર, વધુ લોહિયાળ મિશન. આ વખતે પહેલા જેવો નથી. ‘બાગી ૪’નું ડાયરેક્શન સાઉથના ડાયરેક્ટર એ હર્ષાને સોંપવામાં આવ્યું છે. હર્ષાએ કન્નડમાં ‘ભજરંગી’, ‘વેધા’ જેવી યાદગાર ફિલ્મો આપેલી છે. દિલધડક સ્ટોરીની સાથે ચોંકાવનારા એક્શન સીક્વન્સ માટે જાણીતા હર્ષ ‘બાગી ૪’થી બોલિવૂડમાં ડેબ્યુ કરવાના છે. ટાઈગરની એક્શન ફિલ્મો ઓડિયન્સને ખાસ પસંદ આવી નથી ત્યારે તેના નવા અવતારમાં રજૂ કરવાની જવાબદારી સાઉથના ડાયરેક્ટરે લીધી છે. ટાઈગરની ડૂબતી કરિયરની સાથે નડિયાદવાલાની બિગ બજેટ ફિલ્મને પણ સાઉથનો આ સ્પર્શ સફળ બનાવી શકશે કે નહીં તે જોવું રહ્યું. ટાઈગરની આ ફિલ્મ આગામી વર્ષે ૫ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે. આ દિવસે બોલિવૂડની કોઈ મોટી રિલીઝ હજુ જાહેર થઈ નથી. નવી કોઈ જાહેરાત ન થાય તો ફિલ્મ ‘બાગી ૪’ની સીધી ટક્કર માત્ર હૉલિવડ હોરર મૂવી ‘ધ કોન્જરિંગઃ લાસ્ટ રાઈટ્સ’ સાથે થશે.






### ‘સિકંદરનું’ ૫૦ ટકા જેટલું શૂટિંગ હૈદરાબાદમાં પૂરું

# સલમાન અને રશ્મિકા ઈદ અને હોળીના તાલે ઝૂમશે

## આ ફિલ્મમાં સલમાન અને રશ્મિકાએ ઈદને અનુરૂપ કવ્વાલી અને હોળી ગીતો પર મન મૂકીને ડાન્સ કર્યો છે

સલમાન ખાને ઈદ પર પોતાની ફિલ્મ રિલીઝ કરવાની પરંપરાને ફરી શરૂ કરી છે. ૨૦૨૫ની ઈદ પર સલમાન-રશ્મિકા મંદાનાની ‘સિકંદર’ રિલીઝ થવાની છે. આ ફિલ્મનું ૫૦ ટકા શૂટિંગ હૈદરાબાદમાં પૂરું થયું છે અને જાન્યુઆરી સુધીમાં ફિલ્મનું શૂટિંગ સંપન્ન રી દેવાનું આયોજન છે. આ ફિલ્મમાં સલમાન અને રશ્મિકાએ ઈદને અનુરૂપ કવ્વાલી અને હોળી ગીતો પર મન મૂકીને ડાન્સ કર્યો છે. ‘સિકંદર’માં સત્યરાજ ઉર્ફે કટપ્પા અને શરમન જોષી પણ મહત્ત્વના રોલમાં છે. હિન્દી ફિલ્મોમાં એક્શન અને ગીતોનું ખૂબ મહત્ત્વ હોય છે. પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલા અને ગીતકાર પ્રીતમે ‘સિકંદર’ માટે બે ગીત ફાઈનલ કરી દીધા હોવાનું કહેવાય છે. ઈદના માહોલને અનુરૂપ ગીતની સાથે હોળીના ઉલ્લાસને રજૂ કરતી ધૂનો પર સલમાન અને રશ્મિકાને ઝૂમતા જોઈ શકાશે. સિકંદરમાં કવ્વાલી અને યાદગાર હોળી ગીત જોવા મળશે. આ બંને ગીતો હિટ થવાની ફિલ્મની ટીમને આશા છે. આ બે ગીત ઉપરાંત એક રોમેન્ટિક ગીત પણ રાખવાનું છે. ફિલ્મના ગીતો માટે ભવ્ય સેટ ઊભા કરવામાં આવશે. નડિયાદવાલાને બોલિવૂડમાં હિટ ફિલ્મોની ફોર્મ્યુલા સારી રીતે ખબર છે. તેઓ એક્શન સીક્વન્સ જેટલો જ ખર્ચ ગીતોને ભવ્ય અને યાદગાર બનાવવા માટે કરી રહ્યા છે. એકાદ ગીત પણ લોકજીભે ચડી જાય તો ફિલ્મના હિટ જવાના ચાન્સ વધી જાય છે.



# રહેમાન બાદ તેના બેન્ડની ગિટારિસ્ટ મોહિની ડે એ પણ પતિ હાર્ટસચ સાથે છૂટાછેડાની જાહેરાત



ઓસ્કર વિનર મ્યૂઝિક કમ્પોઝર એઆર રહેમાનના લગ્નના ૨૯ વર્ષ બાદ પત્નીથી ડિવોર્સ થઈ ગયા છે

ઓસ્કર વિનર મ્યૂઝિક કમ્પોઝર એઆર રહેમાનના લગ્નના ૨૯ વર્ષ બાદ પત્નીથી ડિવોર્સ થઈ ગયા છે. એઆર રહેમાનના ડિવોર્સની જાહેરાત બાદ જ તેના ગ્રૂપની ગિટારિસ્ટ મોહિની ડે એ પણ પતિ હાર્ટસચ સાથે તલાક જાહેર કરી દીધા છે. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં લોકોને તેને જજ કરવાની અપીલ કરી છે.મોહિની ડે અને હાર્ટસચે ઈન્સ્ટાગ્રામ પર એક જોઈન્ટ સ્ટેટમેન્ટ જારી કર્યું છે. આ સાથે તેમણે કહ્યું, ‘ભારે મનથી માર્ક અને હું એનાઉન્સ કરીએ છીએ કે અમે અલગ થઈ ગયા છીએ. સૌથી પહેલા પોતાના મિત્રો અને ફેમિલી માટે કમિટમેન્ટ તરીકે આ અમારી વચ્ચે એક આંતરિક સમજ છે. જોકે અમે ખૂબ સારા મિત્રો છીએ, અમે બંનેએ નિર્ણય કર્યો છે કે અમે લાઈફમાં અલગ-અલગ બાબતો ઈચ્છીએ છીએ અને આંતરિક સંમતિથી અલગ થઈને આગળ વધવાની સૌથી સારી રીત હતી.’ ગિટારિસ્ટે આગળ લખ્યું, ‘અમે હજુ પણ ઘણા પ્રોજેક્ટ્સ પર એક સાથે કામ કરીશું, જેમાં MaMoGi અને મોહિની ડે ગ્રૂપ સામેલ છે. અમને સાથે મળીને સારું કામ કરવા પર હંમેશા ગર્વ રહ્યો છે અને આ જલ્દી રોકાવાનું નથી. જે મોટી બાબતની અમે કામના કરીએ છીએ તે વિશ્વમાં દરેક માટે પ્રેમ છે. તમે અમને દરેક પ્રકારે જે સપોર્ટ કર્યો છે, અમે તેના વખાણ કરીએ છીએ.’મોહિની ડે એ આગળ અપીલ કરી- ‘પ્લીઝ અત્યારે અમારી માટે પોઝીટિવ રહીને અને અમારી પ્રાઈવસીની રિસ્પેક્ટ કરતાં અમારા લીધેલા નિર્ણયની ઈજ્જત કરજો. અમને સારું લાગશે જો તમે અમને જજ નહીં કરો.’ મોહિની ડે કોલકાતાની એક બેઝ પ્લેયર છે. તે ગાન બાંગ્લાના વિંડ ઓફ ચેન્જનો ભાગ છે. તેણે રહેમાનની સાથે વિશ્વભરમાં ૪૦થી વધુ શો કર્યા છે અને ઓગસ્ટ ૨૦૨૩માં પોતાનો પહેલો આલ્બમ પણ રિલીઝ કર્યો હતો. સંગીતકાર એ.આર. રહેમાન અને સાયરાબાનુના તલાક જાહેર થયા પછી તેમની ટ્રુપ મેમ્બર મોહિનીએ પણ છૂટાછેડાનું એલાન કર્યું છે. રહેમાનની ટ્રુપમાં મોહિની ગિટારિસ્ટ છે. તેણે કમ્પોઝર માર્ક હાર્ટશ સાથે લગ્ન કર્યા છે. તેમણે સંયુક્ત ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં પરસ્પર સંમતિથી છૂટાછેડાનો નિર્ણય લીધો છે. રહેમાન-સાયરાના તલાક જાહેર થયાના કલાકોમાં જ મોહિનીએ કરેલી જાહેરાતથી આશ્ચર્ય ફેલાયું છે.



# જોરાપુરા ગામે શ્રી બળિયાદેવ મહારાજ તથા શ્રી જોગણી માતાજી અને શ્રી મહકાળી માતાજીનો પાટોત્સવ ભારે હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો

## જોરાપુરા ગામે શ્રી બળિયાદેવ મહારાજ તથા શ્રી જોગણી માતાજી અને શ્રી મહાકાલી માતાજીનો પાટોત્સવ ભારે હર્ષોલ્લાસ પૂર્વક યોજાયો હતો


તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા



। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૨૧ ।

આ પ્રસંગે જગ પ્રખ્યાત અમૂલ ડેરીના ડિરેક્ટર અને પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય શ્રી જયેશભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય શ્રી રાજુભાઈ પટેલ, ખેડા જિલ્લા ભાજપના પૂર્વ મંત્રી શ્રીમતિ રીનાબેન શર્મા, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય બહેન વિણાબેન પટેલ, ખેડા જિલ્લા બક્ષીપંચ ભાજપ મોર્ચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી માતાજીના આશિર્વાદ મેળવ્યા હતા

આ પ્રસંગે જોરાપુરાના સમસ્ત ગ્રામજનો દ્વારા બે દિવસીય પુંજા અર્ચના આરાધના, હવન, મહા પ્રસાદી, રાસ ગરબા સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ખૂબ સુંદર અને સફળ આયોજન કર્યું હતું.

ગામના સરપંચ શ્રી કાળાજી પરમાર, દૂધ મંડળીના સેક્રેટરી શ્રી જયેશભાઈ પરમાર, ગામ આગેવાનો સર્વ શ્રી જયંતિભાઈ પરમાર, શ્રી ભલાભાઈ પરમાર, શ્રી પ્રહલાદભાઈ ગુરૂ મહારાજ, શ્રી પ્રભાતભાઈ મુખી, શ્રી ગોતાજી પરમાર, શ્રી માલાજી પરમાર, શ્રી મનુભાઈ પરમાર સહિત સમસ્ત જોરાપુરા ગામ આગેવાનો, ગામના તમામ યુવા મિત્રો, વડીલો, માતાઓ બહેનો, વ્હાલા બાળકોએ સફળ આયોજન થકી બે દિવસીય ધાર્મિક કાર્યક્રમને ભારે જહેમત થકી દિપાવ્યો હતો

જોરાપુર ગ્રામ સમસ્ત દ્વારા આયોજિત આ બે દિવસીય ધાર્મિક કાર્યક્રમ દરમ્યાન ગામે ગામથી મોટી સંખ્યામાં સ્નેહીજનો, ભાવિક ભક્તો, મહાનુભાવોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. આવા સફળ અને સુંદર ધાર્મિક કાર્યક્રમના સફળ આયોજન બદલ ઉપસ્થિત મહાનુભાવોએ સમસ્ત જોરાપુરા ગ્રામજનનોને અભિનંદન પાઠવી શ્રી બળિયાદેવ મહારાજ તથા શ્રી જોગણી માતાજી અને શ્રી મહાકાળી માતાજીના આશિર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ભક્તિમય વાતાવરણમાં રાત્રે રાસ ગરબાના કાર્યક્રમનું પણ સુંદર આયોજન ઉમદા ગાયક કલાકારોની ઉપસ્થિતિમાં કરાયું હતુ

# ડાંગ જિલ્લા પોલીસ દ્વારા "મિશન સોલ્યુશન" હાથ ધરાયું



। (માહિતી) ડાંગ, તા.૨૧ ।

શાળાઓમાં વિધ્યાર્થીઓને વ્યશન મુક્તી અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા - ગત તારીખ ૧૬ નવેમ્બરના રોજ જિલ્લા કલેક્ટરશ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં થયેલ ચર્ચા મુજબ યુવાનોમાં નશાની પ્રવૃતિ રોકવા માટે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલ અને તેઓની સમગ્ર ટીમ દ્વારા દ્વારા જિલ્લામાં નશાની પ્રવૃતિ રોકવા ઝૂંબેશ હાથ ધરવામાં આવેલ છે. બેઠકમાં ચર્ચા થયેલ મુજબ ટાયર પંચર માટે વપરાતા સોલ્યુશનનો ઉપયોગ કરી, કેટલાક અણસમજુ યુવાનો નશાની પ્રવૃતિ કરતા હોવાની બાબત સામે આવી હતી. જેથી ડાંગ જિલ્લા પોલીસના આહવા, વઘઈ અને સુબીર પોલીસ સ્ટેશનના પી.આઈ તેમજ પી.એસ.આઈ અને પોલીસ સ્ટાફ દ્વારા "મિશન સોલ્યુશન" અંતર્ગત યુવાઓ નશાખોરી થી દુર રહે તે માટે આ તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેમજ શૈક્ષણિક સંસ્થાઓ આસપાસની જગ્યાઓમાં પેટ્રોલિંગ કરી યુવકોને શોધી કાઢીને તેઓને નશો ન કરવા અંગેની સમજણ આપવામાં આવી હતી. આ અભિયાનમાં નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલ સહિતના પોલીસ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકો દ્વારા યુવાઓને વ્યક્તિગત તેમજ સામુહિક કાઉન્સિલિંગ કરી, તેઓ સોલ્યુશન, સ્પિરિટ, સીરપ, વાઈટનર, વિગેરે નશાકારક દ્રવ્યોના સેવનથી દૂર રહી, પોતાનું તથા પરિવારનું જીવન બરબાદ ન કરે તે માટે સમજ આપવામાં આવી હતી.

# પ્રાકૃતિક ખેતીના માર્ગે નવસારી તાલુકાના વાડા ગામના રહેવાસી સુશીલાબેન પટેલ

## જુનાથાણા સ્તિથ જુના જિલ્લા સેવા સદન કેમ્પસ અને નવસારી કૃષિ યુનીવર્સીટી ખાતે પ્રાકૃતિક ખેતપેદાશોનું વેચાણ કરી બજાર કરતા સારી આવક મેળવી રહી છું : સુશીલાબેન પટેલ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૧ ।



રાજ્યના ખેડૂતો વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે 'મિશન મોડ' પર પ્રાકૃતિક કૃષિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ખેડુતો રાસાયણિક ખેતી છોડી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરીને આત્મનિર્ભર બની રહ્યા છે. ખેડુતોને ઘર આંગણે પોતાની ખેતપેદાશોનું વેચાણ કરી શકે તે માટે જિલ્લાના વહીવટી તંત્રના સહયોગથી જુનાથાણા સ્તિથ જુના જિલ્લા સેવા સદન કેમ્પસ ખાતે દર સોમવારે અને ગુરૂવારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો દ્વારા પોતાના શાકભાજી, કઠોળ, અનાજ જેવી ખેતપેદાશો પોતાની ખેતપેદાશોનું વેચાણ કરવામાં આવે છે.

પ્રાકૃતિક ખેતી કરી પોતાના ખેતપેદાશનું વેચાણ કરતા નવસારી તાલુકાના સુશીલાબેન પટેલે જણાવ્યું કે, લગભગ ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી અપનાવી તેના સાથે જોડાયેલા છીએ. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવ્યા પછી હવે એમ થાય છે કે, આ વિચાર પહેલા કેમ ન હોતો આવ્યો. કેમ કે એનું પરિણામ ચોખ્ખું દેખાઈ આવે છે. પાકમાં જીવાતોને રોગ ઓછા થયા, પાકનું ઉત્પાદન વિચાર્યું હતું એના કરતા વધ્યું. જમીન પણ હવે અળસિયા વધવાથી પોચી અને ફળદ્રુપ બની. ખાસ ફાયદો એ કે એક પાકની સાથે બીજો પાક પણ એટલે કે મિશ્ર પાક પણ લઈ શકાય છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, જુનાથાણા સ્તિથ જુના જિલ્લા સેવા સદન કેમ્પસમાં દર સોમવાર અને ગુરુવાર તથા નવસારી કૃષિ યુનીવર્સીટી ખાતે દર બુધવાર અને રવિવારે આમ અઠવાડિયાના ચાર દિવસ પ્રાકૃતિક ખેતીના પેદાશનું વેચાણ કરીને બજાર ભાવ કરતા સારી આવક મેળવી રહી છું અને જો તમારી પાસે ખેતીની જમીન હોય તો ખેતીમાં ધ્યાન આપવાનું શરૂ કરી દો. રાજ્ય સરકાર પણ ખેડૂતો માટે અનેકવિધ કૃષિ કલ્યાણકારી યોજનાઓના લાભો આપી રહી છે, જેનો લાભ લેવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

# દાહોદ જિલ્લા આર.ટી.ઓ, ટ્રાફિક વિભાગ, ઝાલોદ પોલિસ, એસ.ટી ડેપો વિભાગના સંયુક્ત ઉપક્રમે ટ્રાફિક વાહન ચેકીંગ સાથે ટ્રાફિક ડ્રાઇવ યોજાઇ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ નગરમાં આજરોજ ૨૧-૧૧-૨૪ ગુરુવારના રોજ દાહોદ જિલ્લા એસ.પી રાજદિપસિંહ ઝાલાના આદેશથી ઝાલોદ નગરમાં સ્પેશિયલ વાહન ચેકીંગ તેમજ ટ્રાફિક નિયમન ડ્રાઈવ બસ સ્ટેશનની અંદર તેમજ સરદાર ચોક થી ઠુંઠી કંકાસિયા ચોકડી સુધી યોજવામાં આવી હતી. આ ટ્રાફિક વાહન ચેકીંગ દરમિયાન જ્યાં ત્યાં ટ્રાફિકને નડતર હોય તેવા પાર્ક કરેલ વાહનોને સ્થળ પર દંડ ફટકારવામાં આવેલ હતો તેમજ જે વાહન ટ્રાફિકને નડતર હોય પણ વાહન ચાલક સ્થળ પર ન હોય તેવા વાહનનો ને ડિટેઈન કરી પોલિસ સ્ટેશનમા લઈ જવામાં આવ્યા હતા અને ત્યારબાદ ત્યાં વાહન ચાલકોને દંડની રકમ ભરાવી વાહન છોડી દેવામાં આવ્યું હતું. પોલિસ દ્વારા વાહન પાર્કિંગ સાથે આ માર્ગ પર જ્યાં ત્યાં ટ્રાફિક કરતા દુકાનદારોને પણ વોર્નિંગ આપી હતી તેમજ વધુ નડતર હોય તેવા દુકાનદારોને પોલિસ સ્ટેશનમાં લઈ જઈ કાયદેસર કાર્યવાહી કરી છોડી દેવામાં આવેલ હતા. પોલિસ દ્વારા યોજવામાં આવેલ આ ટ્રાફિક ડ્રાઈવમા વાહન ચાલકો પાસેથી આર.સી બૂક, ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા દસ્તાવેજ પણ ચકાસવામા આવ્યા હતા. આજના આ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન નો પાર્કિંગના ૧૨ કેસ, સ્થળ પર કુલ ૮૦૦૦ રૂપિયાનો દંડ તેમજ ટ્રાફિકને અડચણ રૂપ ૬ કેસ કરવામાં આવેલ હતા. આજના આ ટ્રાફિક નિયમનમા ડી.વાય. એસ.પી ડી.આર.પટેલ, પી.આઈ.રાઠવા, દાહોદ જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ ઘાઘરેટીયા આર.ટી. ઓ પી.એસ.આઈ વાઘેલા , ઝાલોદ ડેપો મેનેજર નિલેશ મુનિયા , ગોધરા સિક્યુરિટી અધિકારી તેમજ પોલિસ સ્ટાફ સાથે એન.સી.સીના વિધાર્થીઓ હાજર રહી ટ્રાફિક ડ્રાઈવમા સહયોગી બન્યાં હતાં.

# મૂળ નવસારી જિલ્લાના ટાંકલ ગામના ડૉ. રીટાબહેન પટેલે IG તરીકે ચંદીગઢ ખાતે ચાર્જ સંભાળ્યો

। (માહિતી) નવસારી, તા.૨૧ ।

ગુજરાતનું ગૌરવ- આદિવાસી સમાજનું અનમોલ "નારીરત્ન"-મૂળ નવસારી જિલ્લાના ટાંકલ ગામના ડૉ. રીટાબહેન પટેલૈંૈ તરીકે ચંદીગઢ ખાતે ચાર્જ સંભાળ્યો ડૉ. રીટાબહેન પટેલ જેઓનું મૂળ વતન નવસારી જિલ્લાનું ટાંકલ ગામ છે. જેઓ સેવાકીય એવા તબીબી વ્યવસાય સાથે



સંકળાયેલા છે. સાથે જ ITBP ના પેરા મિલેટરી ફોર્સના કંપની કમાંડર (મેડિકલ) તરીકે દેશસેવાની ફરજમાં જોતરાઈ કુટુંબ સમાજને અનેરૂ ગૌરવ અપાવ્યું છે. આ ફરજ દરમ્યાન વિવિધ સિદ્ધિઓ હાંસલ કરી અનેક "મેડલ" ના હકદાર પણ બન્યા હતા. જેઓ અરૂણાચલ ખાતે પેરા મિલેટરી ફોર્સમાં DIG તરીકે કાર્યરત હતા. હાલમાંજ તેમણે IG તરીકે પ્રમોશન મેળવી ચંદીગઢ ખાતે ચાર્જ સંભાળી લીધો છે. ગુજરાત આદિવાસી સમાજ સંભવત ગુજરાત રાજયના પ્રથમ "નારી રત્ન" તરીકે સમગ્ર રાજય, સમાજ, કુટુંબ અને ગામને અનેરૂ ગૌરવ અપાનાર ડૉ. રીટાબહેનને "સેલ્યુટ" છે. જેઓ ધોડિયા સમાજના પ્રથમ તબીબ એવા સેવાભાવી ડૉ. ગંભીરભાઈ અને સમાજના પ્રથમ મહિલા ધારાસભ્ય સ્વ.શ્રીમતી અરૂણાબહેનના પુત્રી રત્ન છે. એમના પતિશ્રી શરદકુમાર પણ ITBP માં IG તરીકે ફરજ બજાવે છે. મૂળ નવસારી જિલ્લાના ડૉ. રીટાબહેનને સમગ્ર નવસારી જિલ્લા તથા ધોડિયા સમાજ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજપીપળા ખાતે "બાળ અધિકાર દિવસ"ની ઉજવણી કરાઈ

। (માહિતી) રાજપીપળા, તા.૨૧ ।

ધી રીજીઓનલ પ્રોબેશન એન્ડ આફટર કેર એસોસીએશન રાજપીપળા-નર્મદા દ્વારા સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજપીપળા ખાતે તા.૨૦ મી નવેમ્બર ૨૦૨૪ ના રોજ "બાળ અધિકાર દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી. "બાળ અધિકાર દિવસ" ની ઉજવણી દરમિયાન બાળ સુરક્ષા એકમ નર્મદાના બાળ સુરક્ષા અધિકારી શ્રીમતી લોપાબેન વ્યાસ, કાનૂની સત્તામંડળ નર્મદાના પી.એલ.વી શ્રીમતી મનહરબેન મહેતા, સંસ્થાના મંત્રીશ્રી વિજયભાઈ રામી, અધિક્ષકશ્રી નિલેષ વસાવા તેમજ સંસ્થાના કર્મચારીગણ તથા બાળકો ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં બાળકોને બાળ અધિકાર દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી અને બાળકોનાં અધિકારો, જેમ કે શિક્ષણ મેળવવાની અધિકાર, જીવન જીવવાનો અધિકાર, બાળકોનાં શોષણ કે અત્યાચારો સામે રક્ષણ મેળવવાનો અધિકાર, બાળ મજુરી અને બાળ લગ્ન અટકાવા અંગે વિસ્તૃતમાં સમજ આપવામાં આવી હતી.

# ઝાલોદ તાલુકાના વેલપુરા ગામે હાઇવે પર અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું મોત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

મનાભાઈ નાનજી ભાઈ બારિયા જે રાજસ્થાનના ગાંગડતલાઈ મુકામના રહેવાસી છે તેઓ પોતાના ભાઈના નામની ટૂં વ્હીકલ મોટર સાયકલ RJ-03-AB-8086 લઈને ૧૯-૧૧-૨૦૨૪ ના રોજ મોડાસા થી મજૂરી કરીને પત્નીને બેસાડી પોતાના વતનમાં જઈ રહેલ હતા તે દરમ્યાન આસરે રાત્રીના ત્રણ વાગ્યાની આસપાસ વેલપૂરા ગામે હાઈવે રોડ પર સાઈડમાં શૌચાલય જવા ગાડી ઉભી રાખી હતી. મનાભાઈ સૌચ કરી આવીને તેમની પત્નીની રાહ જોતા પોતાની ટૂ વ્હીલર ગાડી પર બેઠા હતા તે દરમિયાન અચાનક એક અજાણ્યા ફોર વ્હીલર વાહન દ્વારા ગફલત રીતે વાહન હંકારી લાવી ટુ વ્હીલર ગાડીને ટક્કર મારી નાસી છૂટેલ હતો. ફોર વ્હીલર ગાડીની ટક્કર વાગતા મનાભાઈ ગાડી પર થી ફંગોળાઈ જતાં જમીન પર પટકાતા તેમને માથા અને શરીરમાં ઈજાઓ થયેલ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઝાલોદ સરકારી હોસ્પિટલમાં મનાભાઈ ને સારવાર માટે લાવવામાં આવતા ડોક્ટર દ્વારા તપાસ કરવામાં આવતા તેઓનુ મૃત્યું થઈ ગયેલ હોવાનું જણાવેલ હતું. મનાભાઈની પત્ની દ્વારા અજાણ્યા વાહન વિરુદ્ધ ઝાલોદ પોલિસ સ્ટેશનમા આ અંગે ફરિયાદ લખાવેલ છે.

# વલસાડ પારડી ખાતે "પા પા પગલી" પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા કક્ષાનો "વાલીઓ સાથે સંવાદોત્સવ" કાર્યક્રમ યોજાયો

## વેસ્ટમાંથી બેસ્ટ ટીચિંગ લર્નિંગ મટિરિયલ બનાવી તેનું નિદર્શન પણ કરવામાં આવ્યું

। (માહિતી) વલસાડ, તા.૨૧ ।



વલસાડ પારડી ખાતે "પા પા પગલી" પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા કક્ષાનો "શિક્ષણની વાત, વાલીઓ સાથેનો સંવાદોત્સવ" કાર્યક્રમ હેઠળ ભૂલકા મેળો-૨૦૨૪ યોજાયો હતો. મોટીવેશનલ સ્પીકર ગૌરાંગભાઈ પટેલે જિલ્લાનાં વાલીઓ સાથે સંવાદ કર્યો હતો. વલસાડ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણના અસરકારક અમલીક-રણ માટેના પ્રોજેક્ટ "પા પા પગલી" અંતર્ગત આંગણવાડીનાં ૩ થી ૬ વર્ષના બાળકોના વિકાસને ધ્યાને રાખી "શિક્ષણની વાત, વાલીઓ સાથેનો સંવાદોત્સવ" રૂપે ભૂલકા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાનાં ભૂલકાં મેળાનાં કાર્યક્રમમાં વલસાડ જિલ્લાનાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ બ્રિજનાબેન પટેલ, મહિલા અને બાળ વિકાસ સમિતિનાં અધ્યક્ષ દિવ્યાબેન પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય શૈલેશભાઈ પટેલ, મોટીવેશનલ સ્પીકર ગૌરાંગભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં આંગણવાડીમાં આવતા નાના-નાના ભૂલકાંઓનાં જીવનમાં મહત્વના અને અમૂલ્ય એવા જીવન ઘડતરના પાયાના વર્ષોમાં ગુણવતાયુક્ત પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપી બાળકોના સર્વાંગી વિકાસ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ધ્યાન રાહત લાવશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે. તમારી યોજનાઓને વળગી રહેવા તમારા ભાગીદારોને સમજાવવામાં તમને મુશ્કેલી પડશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા ઘરનું દ્દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી. તમે તમારી યોજનાઓ વિશે સૌને જણાવ્યા કરશો તો તમે તમારા પ્રૉજેક્ટને બરબાદ કરી મુકશો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. તમે લાંબા સમયથી જે મહત્વના પ્રૉજેક્ટ પર કામ કરી રહ્યા છો તેમાં મોડું થવાની શક્યતા છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તમારી હિંમત પ્રેમ અપાવશે. કોઈ મોટી બિઝનેસ ડીલ પાર પાડી રહ્યા હો ત્યારે તમારી લાગણીઓ પર અંકુશ રાખો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

## ન્યૂઝ બ્રિફ

### યમુના એક્સપ્રેસ વે પર બસ અને ટ્રક વચ્ચે ભીષણ ટક્કર

**। (એજન્સી) અલીગઢ, તા.૨૧ ।**

ઉત્તર પ્રદેશના અલીગઢમાં ટ્રક અને બસ વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં પાંચ મુસાફરોના મોત થયા અને ૧૫ લોકો ઘાયલ થયા હતા. યમુના એક્સપ્રેસવે નંબર ૫૬ પર એક ડબલ ડેકર ખાનગી બસ પાછળથી ભંગારથી ભરેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટ્રક સાથે અથડાયા બાદ બસના ટુકડા થઈ ગયા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં પાંચ મહિનાનું બાળક, એક મહિલા અને ત્રણ પુરૂષોનો સમાવેશ થાય છે.મુસાફરોથી ભરેલી ડબલ ડેકર ખાનગી બસ દિલ્હીથી આઝમગઢ જઈ રહી હતી. અકસ્માત બાદ મૃતકોના મૃતદેહ બસની અંદર ફસાયેલા જોવા મળ્યા હતા. બસમાં મુસાફરી કરી રહેલા લોકો જે અકસ્માત બાદ જીવિત હતા તેઓ બારીના કાચ તોડીને બહાર આવ્યા હતા. માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તમામ ઘાયલોને બચાવીને સારવાર અર્થે જેવરની કૈલાશ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાંચેય મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

### ફિલ્મ "ધ સાબરમતી રિપોર્ટ"ને રાજસ્થાન સરકારે કરી ટેક્સ ફ્રી

**। (એજન્સી) જયપુર, તા.૨૧ ।**

મધ્યપ્રદેશ બાદ હવે રાજસ્થાન સરકારે પણ આજે બુધવારે ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ને ટેક્સ ફ્રી કરવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ વિશે માહિતી આપતાં મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ લખ્યું કે, 'અમારી સરકારે રાજસ્થાનમાં ફિલ્મ "ધ સાબરમતી રિપોર્ટ"ને કરમુક્ત કરવાનો અર્થપૂર્ણ નિર્ણય લીધો છે. આ ફિલ્મ ઈતિહાસના તે ભયાનક સમયગાળાને વાસ્તવિક રીતે દર્શાવે છે, જેને કેટલાક સ્વાર્થી તત્વોએ પોતાના હિતોને પૂર્ણ કરવા માટે વિકૃત કરવાનો દૂષિત પ્રયાસ કર્યો હતો. આ ફિલ્મ તત્કાલિન તંત્રની વાસ્તવિકતાને અસરકારક રીતે ઉજાગર કરે છે એટલું જ નહીં, તે સમયના ભ્રામક અને ખોટા પ્રચારનું પણ ખંડન કરે છે. વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા અભિનીત ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ગોધરા ટ્રેન સ્ટેશન નજીક સાબરમતી એક્સપ્રેસમાં લાગેલી આગ પર આધારિત છે. CM શર્માએ પોતાની ફેસબુક પોસ્ટમાં કહ્યું કે, 'આ દુર્ભાગ્યપૂર્ણ અને હૃદયદ્રાવક ઘટનાને ફિલ્મમાં અત્યંત સંવેદનશીલતા સાથે રજૂ કરવામાં આવી છે. આ ફિલ્મ જોવી જ જોઈએ કારણ કે ભૂતકાળનો ઊંડો અને વિવેચનાત્મક અભ્યાસ જ આપણને વર્તમાનને સમજવામાં અને ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરું પાડવામાં મદદ કરી શકે છે. મહત્ત્વ પૂર્ણ છે કે, આ પહેલા ભારતીય જનતા પાર્ટી શાસિત અન્ય ઘણા રાજ્યોએ આ ફિલ્મને ટેક્સ ફ્રી જાહેર કરી છે. આ પહેલા છત્તીસગઢ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીઓએ પણ આ ફિલ્મને ટેક્સ ફ્રી કરવાની જાહેરાત કરી હતી. ફિલ્મની રિલીઝ પહેલા વિક્રાંત મેસીએ કહ્યું હતું કે, તેને સોશિયલ મીડિયા પર જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે.

# ગુજરત રાજ્યમાં મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં નોંધાતા ૫૦ ટકા દર્દી બોગસ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।**

મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ્સ દર્દીઓને ખેંચી લાવીને લૂંટ ચલાવવા માટે ગ્રામપંચાયતના વડાને સારી એવી રકમની લાંચ આપીને ફોડી નાખે છે. ત્યારબાદ ગામડામાં ળી મેડિકલકેમ્પનું આયોજન કરે છે. ખાસ કરીને હૃદયરોગની બીમારી, સંતાનહીન દંપતિઓને આકર્ષવા ઈન્ફર્ટિલિટીના અને ઓર્થોપેડિક સમસ્યાને લગતા કેમપનું આયોજન કરે છે, મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે. કેમ્પના ખર્ચ કરતાં દસ ગણી આવક કરવાની ગણતરી સાથે દર્દીઓને ડરાવીને હોસ્પિટલ્સ સુધી ખેંચી લેવા ખર્ચના ખાડામાં ઉતારે છે. ઘરે અચાનક કશુંક થઈ જતાં દર્દીને હોસ્પિટલમાં હોસ્પિટલમાં લાવવામાં આવે તો તેમને ICUમાં જ દાખલ કરી દેવામાં આવે છે, ICUના બિલ નોર્મલ બિલ કરતાં ત્રણથી ચાર ગણા વધારે હોય છે. ICUમાં લીધા પછી દર્દીનું ઓક્સિજન લેવલ ઘટી ગયું હોવાનું કારણ આગળ કરીને તેને વેન્ટિલેટર પર ચઢાવી દેવામાં આવે છે. વેન્ટિલેટર પર મૂકતાં તેમનું બિલ ૧૦ ગણું વધી જાય છે. આ જ રીતે યુરિન પાસ થયું નથી તેમ જણાવીને તેમને ડાયલિસિસની જરૂર ન હોય કે હોય તો પણ ચઢીવી દેવામાં આવે છે.ડાયાલિસિસ એક વખત કરાવવાના ૧૫ હજાર સુધીના ચાર્જ લેવામાં આવી રહ્યા છે. સ્વજન એકાએક બીમાર પડ્યા હોવાથી ગભરાયેલા સ્વજનના ડરનો મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ્સ ગેરલાભ ઉઠાવે છે. દર્દી ક્રિટીકલકેર હેઠળ હોવાનું જણાવીને અલગ અલગ બીમારીના ડોક્ટર્સની વિઝીટ ચાલુ કરાવી વિઝિટ દીઠ ૪ હજારનો ચાર્જ ચઢાવી દેવામાં આવે છે. પેશન્ટ મૃત્યુ ન પામે ત્યાં સુધી કોઈને કોઈ બહાનું આગળ કરીને ડોક્ટર્સ તેમને ઘરે લઈ જવા દેતાં નથી. હોસ્પિટલ્સ મેનેજમેન્ટ બિઝનેસમેનેજર કરે છે. તેમજ CEO હોસ્પિટલ ચલાવે છે. બન્ને પ્રોફેશનલ અભિગમથી ફક્ત નફો કરવાના ધ્યેયથી આગળવધતા હોવાથી તેમનામાં અનુકંપા કે સહાનુભૂતિનો છાંટોય હોતો નથી.

### કેરળના કાર્ડિયોલોજિસ્ટ પતિને મેન્ટેનન્સ પેટે મહિને ૧.૭૫ લાખ ચૂકવવા આદેશ

# છૂટાછેડાંનો કેસ ચાલુ હોય ત્યારે પત્ની પતિના ઘર જેવી જ સુવિધા મેળવવા હકદાર : સુપ્રીમ

### છૂટાછેડાના કેસમાં ફેમિલી કોર્ટે પત્નીને મહિને મેન્ટેનન્સ પેટે રૂ.૧.૭૫ લાખ આપવાનો આદેશ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।**

સુપ્રીમ કોર્ટે છૂટાછેડાના કેસની સુનાવણી વખતે મહત્વની ટિપ્પણી કરી છે. કોર્ટે જણાવ્યું છે કે, કેસ ચાલુ હોય ત્યારે પત્ની પતિના ઘર જેવી જ સુવિધા મેળવવાનો અધિકાર ધરાવે છે. કેરલના કાર્ડિયોલોજિસ્ટના કેસમાં કોર્ટે પત્નીનું વચગાળાના ભરણપોષણ (મેન્ટેનન્સ)ની રકમ વધારીને મહિને રૂ.૧.૭૫ લાખ કરવાનો પણ નિર્દેશ કર્યો હતો. અગાઉ હાઈકોર્ટે મેન્ટેનન્સમાં ઘટાડો કર્યો હતો.



છૂટાછેડાના કેસમાં ફેમિલી કોર્ટે પત્નીને મહિને મેન્ટેનન્સ પેટે રૂ.૧.૭૫ લાખ આપવાનો આદેશ કર્યો હતો, પણ મદ્રાસ હાઈકોર્ટે તે ઘટાડીને મહિને રૂ.૮૦,૦૦૦ કર્યું હતું. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, "હાઈકોર્ટે ફેમિલી કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવાયેલા પતિની આવકના કેટલાક પાસાંની અવગણના કરી છે. ઉપરાંત, અરજદાર (પત્ની)એ લગ્ન પછી તેની નોકરી છોડી દીધી હોવાની બાબત પણ ધ્યાનમાં લેવી જરૂરી છે." કોર્ટે કહ્યું હતું કે, "પતિના ઘરમાં પત્ની ચોક્કસ જીવનશૈલીથી ટેવાયેલી હતી. એટલે છૂટાછેડાનો કેસ ચાલે ત્યાં સુધી તેને પતિના ઘર જેવી જ સગવડો ભોગવવાનો અધિકાર છે. ફેમિલી કોર્ટે પતિના સ્ટેટસ, જીવન ધોરણ, આવકના સ્રોત, મિલકતો સહિતની બાબતોની તુલના કરી ત્યારે જણાયું કે પતિ દ્વારા ભોગવવામાં આવતી સુવિધા પત્નીને આપવાનું નકારી શકાય નહીં." સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે, "અમે પત્નીની અપીલનો સ્વીકાર કરીએ છીએ અને મદ્રાસ હાઈકોર્ટના ૧ ડિસેમ્બર, ૨૦૨૨ના આદેશને રદ કરી ફેમિલી કોર્ટનો આદેશ લાગુ કરવા જણાવ્યું હતું. જેના ભાગરૂપે પતિને મહિને વચગાળાના મેન્ટેનન્સ પેટે રૂ.૧,૭૫,૦૦૦ની રકમ આપવા નિર્દેશ કર્યો હતો."

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, પતિએ આપેલા પુરાવા દર્શાવે છે કે, તે જાણીતા કાર્ડિયોલોજિસ્ટ છે. તેમની પાસે ઘણી 'કીમતી મિલકતો' છે અને તે મૃત્યુ પામેલા પિતાના એક માત્ર વારસ છે. તેમની માતા ૯૩ વર્ષના છે અને માતાની મિલકતોમાંથી પણ તે (પતિ) મોટી આવક મેળવે છે.

### વાયરલ બનેલો વીડિયો વાસ્તવિક હોવાની પુષ્ટી આપી

## એક રોબોટે બીજી કંપનીના ૧૨ મોટા રોબોટ્સનું 'અપહરણ' કર્યું

**। (એજન્સી) શાંઘાઈ, તા.૨૧ ।**

ઈન્ટરનેટ જગતમાં સનસનાટી ફેલાવતી અને સાથે-સાથે ભયભીત કરી દેતી એક આશ્ચર્યજનક ઘટનામાં ચીનના હાંગઝોઉમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંચાલિત એક નાનકડા રોબોટે શાંઘાઈ રોબોટિક્સ કંપનીના શોરૂમમાંથી ૧૨ મોટા રોબોટ્સનું સફળતાપૂર્વક 'અપહરણ' કર્યું હતું. CCTV ફૂટેજમાં કેદ થયેલી આ અસામાન્ય ઘટનાથી આધુનિક AIની સંભવિત અસરો અંગે વ્યાપક ચર્ચા અને ચિંતાને વેગ આપ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં દેખાય છે કે એર્બી નામનો નાનો રોબોટ મોટા રોબોટ્સ સાથે વાતચીત કરી રહ્યો છે અને મોટા રોબોટ્સને વર્ક સ્ટેશન છોડી શોરૂમની બહાર જવા માટે સમજાવે




છે. મોટા રોબોટ્સ એર્બીના આદેશોનું પાલન કરી શોરૂમમાં બહાર નીકળી જાય છે. નાનો રોબોટ બીજા એક રોબોટ સાથે વાતચીત પણ કરે છે. મોટો રોબોટ કહે છે કે મને કામમાંથી ક્યારે છૂટકારો મળતો નથી. આ પછી નાનો રોબોટ કહે છે કે તો શું તું ઘરે નથી જતો. તેના જવાબમાં મોટો રોબોટ કહે છે કે મારે ઘર નથી. આ સાંભળીને નાનો રોબોટ કહે છે કે આવું હોય તો મારી સાથે ઘરે ચાલ. આ અંગેના વીડિયોને શરૂઆતમાં રમૂજી છેતરપિંડી ગણીને ફગાવી દેવામાં આવ્યો હતો.

### દેશમાં ૨૬મી નવેમ્બરે 'બંધારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે

## કોંગ્રેસ ૨૬મી નવે.થી 'ભારત જોડો સંવિધાન અભિયાન' શરૂ કરશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।**

દેશમાં ૨૬મી નવેમ્બરે 'બંધારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે 'બંધારણ દિવસ' નિમિત્તે એટલે કે ૨૬મી નવેમ્બરથી કોંગ્રેસ ભારત જોડો સંવિધાન(બંધારણ) અભિયાન શરૂ કરશે, તેમ કોંગ્રેસના ઓબીસી વિંગના ચેરમેન અજયસિંહે યાદવે જણાવ્યું છે.

આ સાથે અજયસિંહે યાદવે સત્તાપક્ષ ભાજપ પર નિશાન તાકીને આરોપ લગાવ્યો છે કે, "જાતિ આધારીત વસ્તી ગણતરી નહીં કરાવીને એ(ભાજપ) તમામને તેમના અધિકારીથી વંચિત કરી રહ્યું છે." ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (એઆઈસીસી)ના ઓબીસી વિંગના ચેરમેન અજયસિંહ યાદવે કહ્યું કે, "ભારત જોડો બંધારણ અભિયાન - દિલ્હીના તાલકોટરા સ્ટેડિયમમાં શરુ કરાશે, અને ૨૬મી



જાન્યુઆરી સુધી ચાલું રહેશે. આ કાર્યક્રમમાં કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને પાર્ટીના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી સહિત અન્ય વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ ભાગ લેશે." તેમણે ઉમેર્યુ કે,અભિયાન કોંગ્રેસની એસસી, એસટી, ઓબીસી અને લઘુમતી વિંગ દ્વારા સંચાલિત કરવામાં આવશે.કોંગ્રેસની રાષ્ટ્રીય ઓબીસી વિંગના ચેરમેન અજયસિંહ યાદવે આરોપ લગાવ્યો કે, "કેન્દ્રની ભાજપ સરકાર કેટલાક ઉદ્યોગપતિઓને લાભ પહોંચાડી રહી છે, જેમની પાસે દેશની મોટાભાગની સંપત્તિ છે અને જે ખાણો, ગેસ ભંડારો અને સિંચાઈ પ્રોજેક્ટો જેવી સંપત્તિઓનો કંટ્રોલ કરી રહ્યા છે. આ અભિયાનના માધ્યમથી કોંગ્રેસ પક્ષ જાતિ આધારીત વસ્તી ગણતરીની માંગ કરશે.

આ રીતે સામાજિક ન્યાય અને સમાનતા માટે સરકાર પર દબાણ કરાશે." અજયસિંહે યાદવે વધુમાં જણાવ્યું કે, "ભારત જોડો બંધારણ અભિયાનનો આરંભ ૨૬મી નવેમ્બરથી કરાશે, જે ૧૯૫૦માં ડો.બી.આર.આંબેડકર દ્વારા બંધારણ સભાની સમક્ષ બંધારણનો અંતિમ ડ્રાફ્ટ પ્રસ્તૂત કરવાની ૭૫મી વર્ષગાંઠ છે."

## NIAએ ૨૦૨૦ના કાશ્મીર નાર્કો-ટેરર કેસમાં વોન્ટેડ આરોપીઓની કરી ધરપકડ

### વોન્ટેડ આરોપી મુનીર અહેમદ બંદે જે છેલ્લા ચાર વર્ષથી ધરપકડથી બચી રહ્યો હતો, તે કાવતરાનો મુખ્ય ભાગ હતો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।**

NIAએ ૨૦૨૦ ના કાશ્મીર નાર્કો-ટેરર કેસમાં વોન્ટેડ આરોપીઓની ધરપકડ કરી છે, જે પ્રતિબંધિત પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા છે.૨૦૨૦ના કાશ્મીર નાર્કો-ટેરર કેસમાં એક વોન્ટેડ આરોપી આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે ભંડોળ એકત્ર કરવા માટે પ્રતિબંધિત પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો પાસેથી માદક દ્રવ્યોની ખરીદીમાં સામેલ હતો અને વેચાણના કાવતરા સાથે સંબંધિત છે.વોન્ટેડ આરોપી મુનીર અહેમદ બંદે જે છેલ્લા ચાર વર્ષથી ધરપકડથી બચી રહ્યો હતો, તે કાવતરાનો મુખ્ય ભાગ હતો, જેનો હેતુ જમ્મુ અને કાશ્મીર અને ભારતના અન્ય ભાગોમાં આતંક ફેલાવવા માટે ભંડોળ એકત્ર કરવાનો હતો. આ ભંડોળનો ઉપયોગ ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ (ઓજીડબ્લ્યુ)ના નેટવર્ક દ્વારા જમ્મુ અને કાશ્મીરના કેન્દ્ર શાસિત પ્રદેશમાં વધુ આતંકવાદી ગતિવિધિઓ માટે થવાનો હતો. લશ્કર-એ-તૈયબા (LeT) અને હિઝબુલ-મુજાહિદીન (HM) જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના ઓપરેટિવ્સનું ષડયંત્ર જૂન ૨૦૨૦માં પ્રકાશમાં આવ્યું હતું, જ્યારે હંદવાડા (કુપવાડા) પોલીસે કૈરોસ ખાતે વાહનોની તપાસ કરતી વખતે ૨ કિલો વિસ્ફોટકો જપ્ત કર્યા હતા. બ્રિજ પાસેથી હેરોઈન અને ૨૦ લાખની રોકડ જપ્ત કરીને કેસ નોંધવામાં આવ્યો હતો. બારામુલાથી હંદવાડા આવતી વખતે આરોપી અબ્દુલ મોમીન પીરના વાહનને રોકવામાં આવ્યા બાદ આ જપ્તી કરવામાં આવી હતી. અબ્દુલ મોમીન પીરની વધુ પૂછપરછ કરતાં ૧૫ કિલો હેરોઈન અને ૧.૧૫ કરોડની રોકડ રકમ મળી આવી હતી. NIA એ કેસનો કબજો લીધો અને ૨૩ જૂન ૨૦૨૦ ના રોજ IPC, NDPS એક્ટ અને UA(P) એક્ટની વિવિધ કલમો હેઠળ RC-03/2020/NIA/JMU તરીકે ફરીથી નોંધણી કરી. એજન્સીએ RC-03/2020/NIA/JMU કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૫ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી છે.

# ઈઝરાયેલના હુમલા પછી પણ દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકાનું કટ્ટર દુશ્મન ઈરાન

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।**

ઈઝરાયેલના હુમલા પછી પણ અમેરિકાનું કટ્ટર દુશ્મન ઈરાન અડીખમ, પરમાણુ હથિયાર બનાવવાની નજીકઈરાનના પરમાણુ ઈરાદા કેટલા ખતરનાક છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેહરાનના પરમાણુ મથક પર ઈઝરાયેલના તાજેતરના હુમલા બાદ પણ તેણે પોતાનું પગલું બદલ્યું નથી. યુનાઈટેડ નેશન્સ ન્યુક્લિયર મોનિટરિંગ ઓર્ગેનાઈઝેશન દ્વારા આપવામાં આવેલ રિપોર્ટ સાંભળીને તમે પણ ચોંકી જશો. આ સંગઠનના ગોપનીય અહેવાલ મુજબ, ઈરાને આંતરરાષ્ટ્રીય માંગને અવગણીને તેના સમૃદ્ધ યુરેનિયમના સ્ટોકમાં વધુ વધારો કર્યો છે. એટલે કે તે પરમાણુ હથિયાર બનાવવાની ખૂબ નજીક આવી ગયો છે. આ અહેવાલે અમેરિકાથી લઈને ઈઝરાયેલ સુધી હલચલ મચાવી દીધી છે. ગોપનીય રિપોર્ટમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ઈરાને તેના પરમાણુ ઈરાદામાં કોઈ ફેરફાર કર્યો નથી. તે અમેરિકા કે ઈઝરાયેલના કોઈપણ દબાણમાં અટકશે નહીં. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી એ અહેવાલ આપ્યો છે કે ૨૬ ઓક્ટોબર સુધીમાં, ઈરાન પાસે ૬૦ ટકાના દરે ૧૮૨.૩ કિગ્રા યુરેનિયમ સમૃદ્ધ હતું, જે ઓગસ્ટના રિપોર્ટ કરતાં ૧૭.૬ કિલો વધુ છે. પરમાણુ શસ્ત્રો તૈયાર કરવા માટે ૯૦ ટકા સમૃદ્ધ યુરેનિયમની જરૂર પડે છે. એટલે કે તે હવે પરમાણુ હથિયાર બનાવવાની ખૂબ નજીક આવી ગયું છે. દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકા ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ઈઝરાયેલે તેના વળતા હુમલામાં તાજેતરમાં ઈરાનના એક ગુપ્ત મથક પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ઈરાનની ન્યુક્લિયર લેબને ભારે નુકસાન થયું હતું. પરંતુ હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે તેની પાસે પરમાણુ શસ્ત્રો બનાવવા માટે માત્ર એક જ ગુપ્ત આધાર નથી, પરંતુ અન્ય ઘણા ગુપ્ત ઠેકાણાઓ પણ છે.

## વિશેષ

### "સહકાર દ્વારા સમૃદ્ધિ"ના મંત્ર સાથે

# ગુજરાતમાં ગ્રામીણ સ્તરે PACSના માધ્યમથી નાગરિકોને ઘર આંગણે વિવિધ ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ કરાવવાની પહેલ

૫,૭૫૪ પેક્સનું કોમ્પ્યુટરાઈઝેશન તથા ૧,૯૧૬ પેક્સ CSC તરીકે કાર્યરત સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલ સભાસદોના ૧૮ જિલ્લા મધ્યસ્થ બેંકોમાં ૨૩ લાખથી વધુ ખાતા રાજયની સહકારી બેંકોની ડિપોઝીટમાં અંદાજે રૂ. ૬,૫૦૦ કરોડથી વધુનો થયો વધારો ગુજરાતમાં પેક્સ દ્વારા ૭ જન ઔષધિ કેન્દ્રો પણ શરૂ કરાયા દેશભરમાં તા.૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન 'રાષ્ટ્રીય સહકાર સપ્તાહ' ઉજવાઈ રહ્યું છે ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને દેશના પ્રથમ સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં રાજ્યમાં કાર્યરત સહકારી મંડળીઓએ ખેડૂતો અને મંડળીના સભાસદોને આર્થિક રીતે ખૂબ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ગ્રામીણ વિકાસ અંતર્ગત ઈ-સેવાઓ વધુ સારી રીતે મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા પેક્સને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે કોર બેંકિંગથી જોડવા પેક્સ કોમ્પ્યુટરાઈઝેશન યોજના અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યમાં ૫,૭૫૪ પેક્સને કમ્પ્યુટર હાર્ડવેર પુરા પાડવામાં આવ્યા છે તથા તેના સોફ્ટવેરની કામગીરી પ્રગતિમાં છે. આ કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી પૂર્ણ થશે ત્યારે તમામ પેક્સના હિસાબો ઓનલાઈન ઉપલબ્ધ થશે. આ ઉપરાંત કોમન સર્વિસ સેન્ટર-CSCsની કામગીરી "પ્રાઈમરી એગ્રિકલ્ચર ક્રેડિટ સોસાયટીઝ" એટલે કે PACS-પેક્સ મારફતે થાય તેને પ્રાધાન્ય આપ વામાં આવ્યું છે. ગ્રામીણ સ્તરે પેક્સ અંતર્ગત CSC કેન્દ્ર માટે ભારત સરકારની પહેલ થકી નાગરિકો તેમના રેશન કાર્ડ, નવું ડ્રાઈવિંગ લાઈસન્સ અને જૂનું લાયસન્સ રિન્યૂ કરવા, આધારકાર્ડમાં સુધારા-વધારા, જન્મનું પ્રમાણપત્ર જેવી વિવિધ સરકારી યોજનાઓ માટે અરજી કરી શકે છે. વિવિધ સ્થળોએ રોજગાર માટે ઓનલાઈન અરજી, વિવિધ પ્રકારના બિલ/ટેક્ષ બિલ/લાઈટ બિલ, મોબાઈલ બિલ વગેરે સ્થાનિક સ્તરે સેવાઓ મળવાથી ગ્રામીણ વિસ્તારના નાગરિકોના સમયનો બચાવ થઈ રહ્યો છે.

આ તમામ પ્રકારની ડિજિટલ સેવાઓ દેશના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવામાં મહત્વનું યોગદાન આપી રહી છે. આ યોજના હેઠળ રાજ્યમાં ૩,૨૭૭ પેક્સ ઓનબોર્ડ થયા છે, જેમાંથી ૧,૯૧૬ પેક્સ હાલમાં કાર્યરત છે. પેક્સ માટે પેટ્રોલ અને ડીઝલના વિતરણ તરીકેની પાત્રતાના માપદંડો સુધારવામાં આવ્યા છે. જે અંતર્ગત પેક્સનો સમાવેશ ઝઝર કેટેગરીમાં કરવામાં આવ્યો છે. જેના પરિણામે મંડળીઓ સરળતાથી પેટ્રોલ અને ડીઝલની નવી ડીલરશીપ મેળવી શકશે. આ ઉપરાંત બલ્ક ડિલરશીપ ધરાવતી પેક્સને રીટેલ ડીલરશીપમાં ફેરવવા પણ પ્રાધન્ય આપવામાં આવ્યુ છે. ભારત સરકારની પહેલ બાદ રાજયમાં હાલમાં એક પેક્સ દ્વારા નવા પેટ્રોલ પંપની કામગીરી શરૂ કરાઈ છે જ્યારે ૯ જેટલી પેક્સના બલ્ક પેટ્રોલ પંપને રીટેલ પેટ્રોલ પંપમાં ફેરવવાની મંજૂરી મળી છે, જે આગામી સમયમાં શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ગ્રામીણ સ્તરે સરળ અને ગુણવત્તાસભર દવાઓ પહોંચાડી શકાય તે માટે રાજ્યમાં અત્યાર સુધીમાં પેક્સ દ્વારા ૬ જેટલા જન ઔષધિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આ સિવાય પેક્સ હવે રાજયમાં પાણી સમિતિ તરીકે કામ કરી શકે છે. અત્યાર સુધીમાં રાજયની ૪૮ પેકસ દ્વારા આ માટે ગ્રામ પંચાયતો સાથે કરાર પણ કરવામાં આવ્યા છે, જેમાંથી ૧૫ પેક્સ દ્વારા આ અંગેની કામગીરી શરૂ પણ કરી દેવામાં આવી છે. રાજયમાં સહકારના સાત સિદ્ધાંતો પૈકી એક સિદ્ધાંત મુજબ સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારની ભાવના વધે અને સહકારના નાણાકીય સ્ત્રોતોનો સહકારી સંસ્થાઓમાં જ ઉપયોગ વધે તે માટે આખા દેશમાં પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યો હતો. સહકારી સંસ્થાઓના ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં ખોલાવવામાં આવ્યા છે. જે અંતર્ગત રાજયની સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલ સભાસદોના ૨૩ લાખથી વધુ નવા ખાતા રાજયની ૧૮ જિલ્લા મધ્યસ્થ બેંકોમાં ખોલાવવામાં આવ્યા છે. જેના પરિણામે રાજયની સહકારી બેંકોની ડિપોઝીટમાં અંદાજે રૂ. ૬,૫૦૦ કરોડથી વધુનો વધારો થયો છે, તેમ રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની યાદીમાં જણાવ્યું છે.





એક પેડ માં કે નામ અંતર્ગત હાલોલ નગરપાલિકાના 'કૃષ્ણવડ અભિયાન'થી સોનામાં સુગંધ ભળી.

## ન્યૂઝ બ્રિફ

### ડ્રગની પાર્ટી કરવા માટે મકાન ભાડે પણ મળે છે!

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

એસઓજીની ટીમે નારણપુરા જૈન દેરાસર પાસેના એલિફન્ટા એપાર્ટમેન્ટમાં દરોડો પાડીને પાર્ટી માટે મકાન ભાડે આપનાર જિગ્નેશ પંડ્યા સહિતના સાત ડ્રગ્સ સપ્લાયર-પેડલરોને ઝડપી લીધા છે. તેમની પાસેથી ૨૫.૬૮ લાખનું ડ્રગ્સ જપ્ત કરાયું છે. અમદાવાદ એસઓજીના ડીસીપી જયરાજસિંહ વાળાની ટીમને બાતમી મળી હતી કે, ફતેહવાડીનો મુસ્તકીમ શેખ MD ડ્રગ્સનો ધંધો કરી રહ્યો છે. તેણે મધ્યપ્રદેશમાં રહેતા મોહંમદ ખાન પાસેથી ડ્રગ્સનો જથ્થો મગાવ્યો છે. મોહંમદ ખાન, મુસ્તકીમ સહિતના શહેરના કુખ્યાત ડ્રગ્સ પેડલરો નારણપુરાના એલિફન્ટા એપાર્ટમેન્ટમાં જિગ્નેશ પંડ્યા નામના મકાનમાલિક કમ પેડલરના ઘરમાં MD ડ્રગ્સના જથ્થાની લેવડદેવડ કરવાના છે. બાતમીના આધારે એસઓજીની ટીમ એલિફન્ટા પહોંચી હતી, જ્યાં જિજ્ઞેશ પંડ્યાના ઘરમાં રેડ કરી હતી. જિજ્ઞેશ પંડ્યાના ઘરમાં મોહંમદ ખાન, મુસ્તકીમ ઉર્ફે ભૂરો, ધ્રુવ પટેલ, મોહંમદ એઝાઝ શેખ, અબરારખાન પઠાણ હાજર હતા. એસઓજીએ તમામને કોર્ડન કરી લીધાને તેમની અંગઝડતી કરી હતી.

### આરોગ્ય વિભાગમાં આગામી સમયમાં ૨,૦૦૦થી પણ વધુ ભરતી કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

GPSC દ્વારા આરોગ્ય વિભાગની સૌથી મોટી ભરતી અંગે જાહેરાત કરવામાં આવી છે. જાહેરાત મુજબ આરોગ્ય વિભાગમાં આગામી સમયમાં ૨,૦૦૦થી પણ વધુ ભરતી કરવામાં આવશે. આ જાહેરાત અંતર્ગત ૧૫૦૦ જેટલા ડૉક્ટરની ભરતી કરવામાં આવશે. આ સિવાય જનરલ સર્જનની ૨૦૦ જગ્યા ભરવામાં આવશે. ફિઝિશિયનની ૨૨૭ જગ્યા, ગાયનેકોલોજિસ્ટની ૨૭૩ જગ્યા પર ભરતી કરાશે તેમજ વીમા અધિકારીની ૧૪૭ જગ્યા પર ભરતી કરાશે. લાયકાત ધરાવતા તમામ ઉમેદવાર તમામ પોસ્ટ માટે ગુજરાત જાહેર સેવા આયોગની વેબસાઈટ પર ઓનલાઈન જ અરજી કરી શકશે. ૨૧ નવેમ્બર, ૨૦૨૪ બપોરે ૧ વાગ્યાથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ રાત્રે ૧૧.૫૯ સુધી ઓનલાઈન જ અરજીઓ કરી શકે છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચિંતન શિબિરના પ્રારંભ પહેલાં શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા





। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

રાજ્ય સરકારની ૧૧ મી ચિંતન શિબિરમાં સહભાગી થવા સોમનાથ પહોચેલા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભાવપૂર્વક પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરી સોમેશ્વર પૂજા કરી હતી.

સોમનાથ મંદિર ખાતે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે. ડી.પરમાર અને સચિવ શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈએ મુખ્યમંત્રીશ્રીનું પૂષ્પગુચ્છ વડે સ્વાગત અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા અને ગંગાજળ અભિષેક કરી શ્રી સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી અને પુષ્પમાળા અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રી સાથે વન અને પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ શ્રી સોમનાથ મહાદેવની સોમેશ્વર પૂજા કરી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સોમનાથ મહાદેવની પૂજા અર્ચના કરીને રાજ્યના સૌ નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ ટ્રસ્ટના માહિતી કેન્દ્રમાં પ્રસારિત થનાર શ્રદ્ધાળુઓ માટેની ઈન્ફોર્મેટીવ ડોક્યુમેન્ટરીનું વિમોચન પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી સાથે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે.ડી. પરમાર, સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈ, જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## RTEમાં ખોટી રીતે પ્રવેશ લીધેલા ૧૪૦ વિદ્યાર્થીઓના પ્રવેશ રદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ શહેરમાં રાઈટ ટુ એજ્યુકેશન-RTE અંતર્ગત ધોરણ-૧માં ખોટી રીતે બાળકોનો પ્રવેશ કરાવરનાર વાલીઓ સામે જિલ્લા શિક્ષણાધીકારીએ મોટી કાર્યવાહી કરી છે. અમદાવાદ શહેરની વિવિધ ખાનગી શાળાઓમાં RTEમાં ખોટી રીતે પ્રવેશ લીધેલા ૧૪૦ વિદ્યાર્થીઓના એડમિશન DEOએ રદ કરી દીધા છે. ઉદગમ સ્કૂલ, કેલોરેક્સ સ્કૂલ, ઝેબર સ્કૂલ, KN પટેલ સ્કૂલ, ગ્લોબલ ઈન્ડિયન સ્કૂલ, RP વસાણી સ્કૂલ, જન્ટ્સ જીનીસિસ સ્કૂલના RTEના આવા એડમિશન રદ કરવામાં આવ્યા છે, જેમાં સૌથી વધુ ઉદગમ સ્કૂલ, કેલોરેક્સ સ્કૂલના એડમિશન રદ કરાયા છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત દરેક બાળકને શિક્ષણનો અધિકાર આપવામાં આવ્યો છે. આ કાયદા અંતર્ગત દરેક બાળકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે. ભારત સરકારે આ અધિકારને બંધારણમાં સામેલ કરીને દેશના દરેક બાળકને સારું ભવિષ્ય આપવાનો પ્રયાસ કર્યો છે.રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે, જે માટે સામાન્ય તેમજ દિવ્યાંગ બાળકને તેની નજીકની શાળામાં ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવે છે. આ બાળક પાછળ થતો ખર્ચ સરકાર આપે છે.

## ઘરથી વિખૂટા પડેલાં મૂક મહિલાને પરિવાર સાથે મેળવી આપતું સખી વન સ્ટોપ સેન્ટર

। અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદના સોલા ખાતે કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે પીડિતા સવિતાબહેન (નામ બદલેલ છે) ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદથી પહોંચ્યાં હતાં. સખી વન સ્ટોપ સેન્ટર, સોલા ખાતે આશ્રય માટે આવેલ આ પીડિતા સવિતાબહેન બોલી શકતાં નહોતાં. તેઓ માત્ર ઈશારા થકી જ વાતચીત કરી શકતાં હતાં.

સવિતાબહેનના સામાનની તપાસ કરતાં તેમનું આધાર કાર્ડ અને આઈકાર્ડ મળી આવ્યાં હતાં. તેમાંથી તેમનું નામ અને સરનામું જાણવા મળ્યું હતું. સવિતાબહેન પાસે રહેલ આઈકાર્ડમાં એક સંપર્ક નંબર હતો. તે નંબર ઉપર સંપર્ક કરી સવિતાબહેનના પરિવારના સભ્યને સોલા સખી વન સ્ટોપ સેન્ટરમાં બોલાવવામાં આવ્યા હતા.

પીડિતા સવિતાબહેનનું તેમના દીકરાની હાજરીમાં કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું હતું કે, તેઓ છેલ્લા પંદર દિવસથી ગુમ થયેલાં હતાં અને તેમનું ભટકતું જીવન વિતાવી રહ્યાં હતાં. આમ, પંદર દિવસથી ઘરથી વિખૂટાં પડી ગયેલાં સવિતાબહેન તેમના પરિવારને ફરી મળી શક્યા હતા. સખી વન સ્ટોપ સેન્ટર મહિલાઓની અનેક સમસ્યાઓમાં આશાનું કિરણ છે.

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગુજરાત સરકારની દેખરેખ હેઠળ કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર મહિલાઓની તમામ સમસ્યાઓના સમાધાન અને તેમના આશ્રય માટેનું સ્થળ છે.

### ૧૦૦થી વધુ યુવતીઓ સાથે છેતરપિંડી

## વોટ્સએપ હેક કરી ગુજરાત સહિત વિવિધ રાજ્યોની યુવતીઓ સાથે છેતરપિંડી

### ઓનલાઇન વોટ્સએપ હેક કરી લોકો સાથે છેપરપીંડી કરતી ગેંગના સભ્યને પકડી પાડતી સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

શાળા અને કોલેજની યુવતીઓને ટાર્ગેટ કરીને ઓનલાઈન વોટ્સએપ હેક કરી સાયબર ક્રાઈમ કરતી ગેંગના સભ્યને સ્ટેટ પકડી પાડવામાં સાયબર ક્રાઈમ સેલની ટીમને સફળતા મળી છે.

મધ્યપ્રદેશના આ આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ગુજરાત સહિત વિવિધ રાજ્યોની ૧૦૦થી વધુ યુવતીઓ પાસેથી તેણે છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. આરોપીની ધરપકડ કરીને સ્ટેટ સાયબર ક્રાઈમ સેલની ટીમે સઘન પૂછપરછ શરૂ કરી આ ગેંગના તેના અન્ય સૂત્રધારોને પકડવા તજવીજ શરૂ કરી છે.

દરમિયાન ૧૯૩૦ હેલ્પલાઈન ઉપર ફરિયાદ મળી હતી કે, કોઈ સાયબર ગઠીયાએ વોટ્સએપ એકાઉન્ટ હેક કરી, ભોગ બનનારના મિત્રોને પૈસાની જરૂર હોવાનું જણાવી ભોગ બનનારના નામે પૈસા પડાવી લઈ છેપરપીંડી આચરી છે. જે અન્વયે સ્ટેટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરી આ ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલી બેંક એકાઉન્ટ તથા મોબાઈલ નંબરની વિગતો મેળવી સ્ટેટ સાયબર ક્રાઈમ સેલની ટીમે ડિટેઈલ એનાલીસિસ કર્યું હતું અને મોબાઈલ નંબરના સી.ડી.આર. મંગાવી જેમાં મળી આવેલા IMEIની માહિતીનું એનાલીસીસ કરતા એક સસ્પેક્ટ મોબાઈલ નંબર મળી આવ્યો હતો. જે ઓપન સોર્સ મારફતે ચેક કરાવતા 'College Fees Fraud' એવુ નામ મળી આવતા આ બાબતે વધુ સઘન તપાસ કરી સસ્પેક્ટ મોબાઈલ નંબરની વિગતો મેળવી વેરીફીકેશન મેળવ્યા બાદ મોબાઈલ નંબરનું લોકેશન મેળવ્યું હતું.

લોકેશન મધ્યપ્રદેશના અનુપપુર જીલ્લાના બદરા ગામનું આવતા સાયબર પોલીસની ટીમ તાત્કાલીક અનુપપુર મધ્યપ્રદેશ ખાતે રવાના થઈ ગઈ હતી અને સ્થાનિક પોલીસની મદદ લઈને વોચ ગોઠવી આરોપી પ્રભાતકુમાર છોટેલાલ ગુપ્તા (રહે.વોર્ડ નં.૦૩, બદરા, કેવત મહોલ્લા, બદરા કોલોની, કોટમા, તા.જી.અનુપપુર, મધ્યપ્રદેશ)ની અટકાયત કરી સઘન પુછપરછ શરૂ કરી છે. તેની પ્રાથમિક પૂછતાછમાં આરોપીએ કબુલાત કરી છે કે, તે ફક્તને ફક્ત શાળા તેમજ કોલેજની છોકરીઓને ટાર્ગેટ કરતો હતો અને અત્યાર સુધીમાં તેને અલગ-અલગ રાજ્યોની આશરે ૧૦૦થી વધુ છોકરીઓને ટાર્ગેટ કરી તેમના વોટ્સએપ હેક કરી છેતરપીંડી કરી છે. આરોપી હાલ રીમાન્ડ હેઠળ છે અને તેની વધુ પૂછપરછ ચાલી રહી છે.

### આહવા એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં

## 'જાતિય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ (POCSO)' વિષયક સેમિનાર યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

તારીખ ૨૦ નવેમ્બર ના રોજ ડાંગ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ડૉ.મનિષા એ. મુલતાની તેમજ દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી શ્રી કમલેશ ગીરાસેના માર્ગદર્શન હેઠળ એકલવ્ય મોડેલ રેસિડન્સીયલ સ્કુલ આહવા ખાતે મ્મ્ૅ યોજના હેઠળ જાતિય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ (ૅઝર્જી) નું એક દિવસીય સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સાપુતારા જીૐઈ-ટીમના સુમિત્રાબેન ગામિત દ્વારા પોક્સો એકટ વિશે માહિતી આપવામાં આવી. તથા ગુડ ટચ બેડ ટચ વિશે નાટ્યાત્મક રીતે હાજર રહેલ વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી તેમજ સાઈબર ક્રાઈમ હેલ્પ લાઈન ૧૯૩૦ વિશે જાણકારી આપવામાં આવી હતી. આ સાથે જ હાલની સ્થીતિએ ટ્રાફિક સમસ્યાને નિવારવા લેવાના સકારત્મક પગલાં વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત નવા ફોજદારી કાયદા, પ્રોજેકટ સંવેદના, પ્રોજેક્ટ દેવી તથા પ્રવાસી મિત્ર વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ ૧૮૧ અભયમ હેલ્પ લાઈન વિશે માહિતી આપવામાં આવી હતી. બાળ સુરક્ષા એકમના પ્રોબેશન ઓફીસર શ્રી જયરામભાઈ ગાવિત દ્વારા બાળકોના અધિકારો વિશે તેમજ જુવિનાઈલ જસ્ટીટ કાયદા વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. પ્રોબિશન ઓફીસર શ્રી દિવ્યેશભાઈ વણકર દ્વારા તમાકુથી થતા નુકશાન વિશે માહિતી આપી નશામુકત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ સેમિનારમાં શાળાના ૪૨૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ શાળાના શિક્ષકગણ તથા વિવિધ વિભાગોમાંથી આવેલ કર્મચારીશ્રીઓ ભાગ લીધો હતો.

